
વર્ષ : ૪૧ ❖ અંક : ૬
જૂન - ૨૦૧૭

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



**બાળયોગી શ્રીમદ્ રાજચંદ્રજીને ૭ વર્ષની વયે અમીચંદભાઈની બળતી ચિતાને જોઈને થયેલ જાતિસ્મરણજ્ઞાન**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## સંસ્થામાં પૂ. આચાર્ય ૧૦૮ શ્રી વિમદસાગરજી મહારાજ (સસંઘ) શુભાગમન (તા.૨૭-૪-૨૦૧૭)





## સંસ્થામાં રાષ્ટ્રસંત પૂ.આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.નું શુભાગમન (તા. ૧૦-૫-૨૦૧૭)






## પૂ. ઉપાધ્યાય ૧૦૮ શ્રી અનુભવસાગરજી મહારાજ



શ્રી નિષ્માબેન કિતનભાઈ મણિયારના વરસીતપના પારણા વેળાએ



શ્રીમદ્જી રચિત 'મોક્ષમાળા-ભાવનાબોધ' ગ્રંથના વિમોચન વેળાએ (તા.૧૯-૫-૧૭)



-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) સર્વાત્મમાં સમદૃષ્ટિ ..... પૂજ્યશ્રી આત્માનંદજી ...... ૬

(૩) શાસ્ત્રો - સત્યના માર્ગે ચાલવાની દીવાદાંડી .. ...................... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૦

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ............... ..................... પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૨

(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન ... પૂજ્ય બહેનશ્રી .... ૧૫

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી ..................... .................. શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૭

(૭) શ્રાવકાચાર .............. બા.બ્ર. શ્રી સુરેશજી .... ૨૧

(૮) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૪

(૯) આત્માની અમૂર્તત્વશક્તિ .. શ્રી વલભજી હીરજી .... ૨૮

(૧૦) ધ્યાન-બેધ્યાન ............ શ્રી ચંદ્રહાસ ત્રિવેદી .... ૨૯

(૧૧) બાળવિભાગ ............ શ્રી મિતેશભાઈ શાહ .... ૩૧

(૧૨) સમાજ-સંસ્થા દર્શન ........................... ૩૩

**વર્ષ : ૪૧ જૂન, ૨૦૧૭ અંક - ૬**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોનઃ (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank** : Kotak Mahindra Bank

**Branch** : Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No.** : 08390020000044 • **IFS Code** : KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.

☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

આજે અમારે આપને કંઈ કહેવું નથી અને આપને કંઈ પૂછવું પણ નથી, માત્ર અંતરમાંથી ઝરતી થોડી અભિવ્યક્તિઓ વ્યક્ત કરવી છે –

- હે વવાણિયાના વાસી, મારા હૈયે કરજો વાસ;
  કેમ વિસારું દેવાનંદન ? જ્યાં લગી શ્વાસોશ્વાસ.
- સાચું સગપણ કૃપાળુ તમારું,
  આપ જ છો મારા મનના મીત;
  રાધાને જેમ શ્યામ હતા ને,
  મીરાંને જેમ હતી ગિરધરની પ્રીત !
- હે નાથ ! આપના દર્શન કરતા, હૈયે હરખ ન માય;
  ન્યારી, પ્યારી, મૂરત તમારી, નિરખતાં પાપ ધોવાય;
  મારા ભવોભવના પાતિક જાય.
- મસ્તક મારું ઝૂકે ચરણમાં, ભાવ હૃદયમાં જાગે,
  બે હાથેથી વંદન કરતાં, ભવોભવના દુઃખ ભાગે;
  રાજજી ! રાખજો ચરણ મોઝાર,
  કરજો ભવજલધિથી પાર.
- કાળ અનાદિ અનંતથી, ભવભ્રમણનો નહીં પાર,
  શરણમાં લેજો, શક્તિ દેજો, ઉતારજો ભવપાર;
  પ્રભુજી ! ઉતારજો ભવપાર.


॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

**હે જીવ, તું ભ્રમા મા, તને હિત કહું છું. અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહીં. અંતરનું સુખ અંતરની સમશ્રેણીમાં છે; સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થોનું વિસ્મરણ કર, આશ્ચર્ય ભૂલ. - શ્રીમદ્ રાજચંદ્રજી**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૮૪



**વિ.સં. ૧૯૪૬**

ભાઈ, આટલું તારે અવશ્ય કરવા જેવું છે :-

૧. દેહમાં વિચાર કરનાર બેઠો છે તે દેહથી ભિન્ન છે ? તે સુખી છે કે દુઃખી ? એ સંભારી લે.

૨. દુઃખ લાગશે જ, અને દુઃખનાં કારણો પણ તને દૃષ્ટિગોચર થશે, તેમ છતાં કદાપિ ન થાય તો મારા કોઈ ભાગને વાંચી જા, એટલે સિદ્ધ થશે. તે ટાળવા માટે જે ઉપાય છે તે એટલો જ કે તેથી બાહ્યાભ્યંતરરહિત થવું.

૩. રહિત થવાય છે, ઓર દશા અનુભવાય છે એ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું.

૪. તે સાધન માટે સર્વસંગપરિત્યાગી થવાની આવશ્યકતા છે. નિર્ગ્રંથ સદ્‌ગુરુના ચરણમાં જઈને પડવું યોગ્ય છે.

૫. જેવા ભાવથી પડાય તેવા ભાવથી સર્વકાળ રહેવા માટેની વિચારણા પ્રથમ કરી લે. જો તને પૂર્વકર્મ બળવાન લાગતાં હોય તો અત્યાગી, દેશત્યાગી રહીને પણ તે વસ્તુને વિસારીશ નહીં.

૬. પ્રથમ ગમે તેમ કરી તું તારું જીવન જાણ. જાણવું શા માટે કે ભવિષ્યસમાધિ થવા. અત્યારે અપ્રમાદી થવું.

૭. તે આયુષ્યનો માનસિક આત્મોપયોગ તો નિર્વેદમાં રાખ.

૮. જીવન બહુ ટૂંકું છે, ઉપાધિ બહુ છે, અને ત્યાગ થઈ શકે તેમ નથી તો, નીચેની વાત પુનઃ પુનઃ લક્ષમાં રાખ.

૧. જિજ્ઞાસા તે વસ્તુની રાખવી.

૨. સંસારને બંધન માનવું.

૩. પૂર્વ કર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો. તેમ છતાં પૂર્વ કર્મ નડે તો શોક કરવો નહીં.

૪. દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે.

૫. ન ચાલે તો પ્રતિશ્રોતી થા.

૬. જેમાંથી જેટલું થાય તેટલું કર.

૭. પારિણામિક વિચારવાળો થા.

૮. અનુત્તરવાસી થઈને વર્ત.

૯. છેવટનું સમયે સમયે ચૂકીશ નહીં. એ જ ભલામણ અને એ જ ધર્મ.

### પત્રાંક - ૮૫

**મુંબઈ, વિ.સં. ૧૯૪૬**

સમજીને અલ્પભાષી થનારને પશ્ચાત્તાપ કરવાનો થોડો જ અવસર સંભવે છે.

હે નાથ ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી.

પૂર્વનાં અશુભ કર્મ ઉદય આવ્યે વેદતાં જો શોચ કરો છો તો હવે એ પણ ધ્યાન રાખો કે નવાં બાંધતાં પરિણામે તેવાં તો બંધાતાં નથી ?

આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું.

જેટલા પોતાની પુદ્‌ગલિક મોટાઈ ઇચ્છે છે તેટલા હલકા સંભવે.

પ્રશસ્ત પુરુષની ભક્તિ કરો, તેનું સ્મરણ કરો; ગુણચિંતન કરો.

■ ■ ■

# સર્વાત્મમાં સમદૃષ્ટિ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



સર્વાત્મમાં પ્રભુ દેખાય તેવું થવા શું કરવું ને શું ન કરવું ? પરમ અધ્યાત્મ યોગીશ્વર શ્રી ઉમાસ્વામી મહારાજ તત્ત્વાર્થસૂત્રના પહેલા અધ્યાયના પહેલા સૂત્રમાં કહે છે;

**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।**

જે જીવ પોતાને આત્મા તરીકે જોવાનો પ્રયત્ન કરે તે જીવ બીજાને પણ આત્મા તરીકે જોઈ શકે. આપણે આપણી જાતને મગનભાઈ, છગનભાઈ, નગરશેઠ વગેરે માનીએ છીએ એટલે બીજા પણ આપણને રમેશભાઈ, મહેશભાઈ, કાન્તાબેન જ દેખાય છે. જેની પર્યાયબુદ્ધિ છે, જે પાપ-પુણ્યના સંયોગને પોતાના માને છે તે અન્યને પણ રાજા, નગરશેઠ આદિરૂપ માનશે. જોકે આ વ્યવહાર સત્ય છે પરંતુ પારમાર્થિક સત્ય નથી. જો સર્વમાં આત્મા જોવો હોય તો સૌપ્રથમ આપણે આ ચામડાની આંખો ફોડવી પડશે. તે છરીથી ફોડવાની નથી પરંતુ વિવેકજ્ઞાન દ્વારા પ્રવચનચક્ષુથી એટલે કે ગુરુઆજ્ઞા, સાચી સમજણરૂપી ચક્ષુ લગાડવા પડશે. સંયોગ અને પોતાનું મૂળ સ્વરૂપ તે બંને જુદાં છે. હું ત્યાગી છું, હું ગૃહસ્થ છું, હું ગોરો છું, હું કાળો છું આદિ પર્યાયબુદ્ધિને ગૌણ કરો અને દ્રવ્યદૃષ્ટિને મુખ્ય કરો. તે માટે અધ્યાત્મ યોગીશ્વર શ્રી આનંદઘનજીએ ધર્મનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું છે,

"પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે,
દેખે પરમ નિધાન જિનેસર;
હૃદય નયણ નિહાળે જગધણી,
મહિમા મેરુ સમાન જિનેસર."

શ્રી આનંદઘનજીએ અહીં માતા આંજણ આંજે એમ નથી કહ્યું, કારણ કે તેમ કહેતાં તો માતા પ્રત્યે જ રાગ વધે કે આ મારી માતા છે, આ પણ આત્મા છે એમ ન થાત. પણ જો કોઈ એમ કહે કે સદ્‌ગુરુ પ્રવચન આંજણ આંજે તો 'આ સદ્‌ગુરુ મારા છે' એમ એમના પ્રત્યે શું રાગ ન થાય ? ત્યારે સદ્‌ગુરુ કહે છે કે ભાઈ ! જો આમ થાય તો તો તારા ભાગ્ય ખુલી જાય. કારણ કે તમે જો સદ્‌ગુરુને કહો કે 'આપ મારા છો' ત્યારે તેઓ થોડી આગળની ભૂમિકામાં શિષ્યને પહોંચેલો જોઈ કહે છે કે તું પોતે જ તારો ગુરુ છો. તારા સદ્‌ગુરુ તારા હૃદયમાં બેઠા છે. પણ તે ક્યારે જણાય ? તો શિષ્ય જ્યારે બરાબર તેમના ઘનિષ્ઠ સાન્નિધ્યમાં રહે ત્યારે; નહીં તો ઘડીએ ઘડીએ માતાજી, પિતાજી, મિત્રો આદિ યાદ આવે. જ્યારે શિષ્યનું ચિત્ત સદ્‌ગુરુના ચરણમાં રમી જાય ત્યારે આ બધા લૌકિક સંબંધો આપોઆપ વિસ્મૃત થઈ જાય છે અને બધા સંબંધો દિવ્ય અલૌકિકતામાં પલટાતા જાય છે. પણ તેના માટે સૌપ્રથમ સદ્‌ગુરુ અને ભગવાનને પોતાના માનવાં અને તેમની આજ્ઞા તથા તેમની વાણીને પોતાની માનવી. ત્યાર બાદ બધામાં આત્મા જોવાની શક્તિ આવે. સંતશ્રી નાનકદેવે આવો પોતાનો અનુભવ કહ્યો છે,

"ના કોઈ વૈરી ના બેગાના,
સકળ સંઘ હમરી બન આઈ;
જબસે સાધુ સંગત પાઈ."

પણ આવું કાંઈ એકદમ થતું નથી. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે દીર્ઘકાળ સુધી યથાર્થ બોધનો પરિચય થવાથી બોધબીજની પ્રાપ્તિ

થાય છે. પોતાને આત્મા માન્યા વિના બીજાને આત્મા માની શકાતા નથી. હજુ આપણી એટલી પરિપક્વતા નથી એટલે જેઓ આત્મારૂપ થયા છે તેમનો સમાગમ કરવો, તેમની સાથે રહેવું, તેમની આજ્ઞાનું પાલન કરવું અને તેમની મન-વચન-કાયાની પ્રત્યેક ચેષ્ટાના અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવા. જ્ઞાની ધ્યાન કે સ્વાધ્યાય કરતાં હોય ત્યારે તેમનું નિરીક્ષણ કરવું તે ઠીક છે પણ જ્યારે જ્ઞાની આહાર કરતાં હોય, સૂતાં હોય, તેમને કોઈ અપશબ્દો બોલે, તેમને બહુ ગરમી લાગે ત્યારે તેમનું અવલોકન કરવું. તે વખતે જ્ઞાનીનું સ્વરૂપ આપણને ખબર પડી શકે - જો આપણી તથારૂપ પાત્રતા હશે તો. જ્ઞાની પણ બધા એકસરખા હોતા નથી. આજ-કાલ તો સામાન્ય તથા મધ્યમ જ્ઞાનીઓ થાય છે. તે આ પંચમકાળનો જ પ્રભાવ છે કે વર્તમાનમાં મહાન તદ્‌ભવ મોક્ષગામી મહાપુરુષોનો આપણને ભેટો થઈ શકતો નથી. માટે આ કાળે જે મળે, જેટલું મળે તેનાથી કામ ચલાવવું કારણ કે આપણી પણ વિશેષ યોગ્યતા નથી. માટે શ્રદ્ધાન દૃઢ કરવું કે,

"સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ."

સર્વાત્મમાં સમદૃષ્ટિ જલદી થશે નહીં પણ પ્રયત્નો છોડવા નહીં અને પર્યાયબુદ્ધિ છોડવાનો વિશેષ પુરુષાર્થ કરવો. તે અભ્યાસ આપણા દૈનિક જીવનમાં કરવો. જેમ કે જ્યારે સરસ મઝાની સફેદ ચાદર દેખાય અને મન તેના તરફ આકર્ષિત થાય ત્યારે વિચારવું કે સર્વજ્ઞ ભગવાન આ ચાદરને કઈ દૃષ્ટિથી જુએ છે ? જડ-પુદ્‌ગલ પદાર્થ તરીકે તેને જાણે છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્‌ રાજચંદ્રજી જણાવે છે,

"પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્‌દુઃખ તે સુખ નહીં."

એટલે કે પર પદાર્થને જોતાં જ તે મારા માટે જ્ઞેય છે, ઉપાદેય પદાર્થ નથી એવું તત્ત્વજ્ઞાન લાવવું તે જ પ્રવચન-અંજન છે, જે શ્રી સદ્‌ગુરુએ આપણને આંજ્યું છે. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્‌ રાજચંદ્રજીએ પણ કહ્યું છે,

"જે રાજનીતિનિપુણતામાં ન્યાયવંતા નીવડ્યા,
અવળા કર્યે જેના બધા સવળા સદા પાસા પડ્યા;
એ ભાગ્યશાળી ભાગિયા તે ખટપટો સૌ ખોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને."

નવી મર્સિડીઝ કાર લાવીને જો કોઈ જ્ઞાનીને પૂછે કે જુઓ સાહેબ, આ નવી ગાડી કેવી લાગે છે ? ત્યારે જ્ઞાની કહે છે કે ભાઈ, મને તો એમ લાગે છે કે ૪૦-૫૦ વર્ષ પછી તેના પતરાં ક્યાંક સડતા હશે, તેનો રંગ નીકળી ગયો હશે, તેનું એરકંડીશનર બગડીને કોઈ ખૂણામાં પડ્યું હશે, તે કોઈ પણ ઉપયોગની રહેશે નહીં અને ભંગારમાં પડી હશે એમ હું જોઉં છું. આવી દૃષ્ટિથી કારને જોવાથી તેના પ્રત્યેનો મોહ ઘટે છે. આવા પ્રયોગો કરવાથી આપણા જેવાને સર્વાત્મમાં સમદૃષ્ટિ થોડી થોડી થાય છે. અધ્યાત્મ યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્યને આવી સમદૃષ્ટિ પ્રગટી છે. તેઓ કહે છે,

"સૌ ભૂતમાં સમતા મને કો સાથ વેર મને નહીં;
આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની."

ઉપરની ગાથાની બીજી કડીમાં તે દૃષ્ટિનું ફળ છે કે હવે તેમની બધી આશાઓ છૂટી ગઈ છે. તેમને એવી દૃઢતા થઈ ગઈ છે કે કોઈ પદાર્થ મારો થાય એવું ત્રણ કાળમાં થઈ શકે તેમ નથી. માટે હું તે પર પદાર્થો પ્રત્યેની મોહાસક્તિ હવે છોડું છું. પરંતુ આત્મા તરફ લઈ જનાર એવા શ્રી સદ્‌ગુરુદેવ, આત્માના પૂર્ણસ્વામી એવા શ્રી સર્વજ્ઞ પ્રભુ પરમાત્મા તથા તેમની દિવ્યવાણી સાથે હું હાલ પૂરતો સંબંધ જોડું છું. હું જાણું છું કે તેઓ પણ પર દ્રવ્ય છે પરંતુ અત્યારે તે શુભ પરદ્રવ્યો છે, પ્રેરક તથા ઉપયોગી પરદ્રવ્યો છે. એટલે હાલ તેમના પરિચયનો હું

સ્વીકાર કરું છું. દેશકાળ અત્યારે વિપરીત છે. પરંતુ જો કોઈને ધર્માત્માનું અલૌકિક સ્વરૂપ જાણવું હોય તો 'પ્રવચનસાર' ગ્રંથ વાંચવો. તેમાં ત્રણ જ અધ્યાય શ્રી કુંદકુંદાચાર્યજીએ લીધાં છે; જેમાં પહેલાં અધ્યાયમાં ૯૨ શ્લોક છે, જેનું નામ-જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે. તેમાં ભગવાન આત્માનું વર્ણન કર્યું છે. પછી બીજા જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપનમાં વિશ્વનું વર્ણન કર્યું છે કે આ દુનિયા શું છે ? ૨૦૦મી ગાથામાં આ દુનિયાને જાણીને શું કરવું તે કહે છે કે,

"એ રીત તેથી આત્મને, જ્ઞાયક સ્વભાવી જાણીને;
પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં હું સ્થિર રહું."

આપણે ભલે આવું ન કરી શકીએ પણ આવી શ્રદ્ધા તો કરી શકીએ ને કે ભગવાન સાચા છે, શ્રી સદ્ગુરુદેવ તથા તેમનો દિવ્યબોધ સાચો છે. તેનું નામ જ પ્રથમ સમકિત છે - જો આવું હૃદયથી બોલતા હોઈએ તો. જે મારા સ્વામીને ઓળખે તે મારા સ્વામી જેવો થાય છે.

"સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે, દરિશણ શુદ્ધતા તેહ પામે." એમ શ્રી આનંદઘનજી અનંતનાથ ભગવાનના સ્તવનમાં કહે છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ મોક્ષમાળા શિક્ષાપાઠ - ૧૦૧માં કહ્યું છે, "જે મનુષ્ય સત્પુરુષોનાં ચરિત્રરહસ્યને પામે છે તે મનુષ્ય પરમેશ્વર થાય છે."

આપણો ધર્મ માત્ર રસોડામાં જ સીમિત થઈ ગયો છે ! આજે મારે મીઠાનો ત્યાગ છે. બસ આખો દિવસ મીઠું ન ખાધું એટલે ધર્મ થઈ ગયો ! પણ ભાઈ, આટલો જ ધર્મ નથી. આ તો ધર્મની શરૂઆત પણ નથી, તેની પૂર્વભૂમિકા છે. હા, તે આવશ્યક છે પરંતુ અનિવાર્ય નથી. તે સારી વસ્તુ છે માટે તેમ કરવું પણ માત્ર તેનાથી જ ધર્મ થઇ ગયો એમ માની સંતુષ્ટ થવું નહીં. જેમ મમ્મી જમતી વખતે એક બટકું પીરસે અને આપણને કહે કે આજનું ભોજન સમાપ્ત, ત્યારે આપણે તેને કહીએ છીએ કે મમ્મી, આ તું શું કહે છે ! હજુ તો મેં જમવાની બરાબર શરૂઆત પણ નથી કરી તો ભોજન સમાપ્ત કેવી રીતે થાય ? આમ, વ્યવહારમાં તો આપણે બધા ઘણા હોંશિયાર છીએ, પરમાર્થમાં જ બધી ગરબડ થાય છે. આવું ન થવા આપણે શરૂઆતમાં પ્રભુ સાથે થોડો પ્રેમ કરવો; તેમના બાહ્ય પ્રતીક રૂપમાં નહીં પણ તેમના અંતરંગ સ્વરૂપને ઓળખીને પ્રેમ કરવાનું ફળ 'પ્રવચનસાર'ની ગાથા - ૮૦માં આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદસ્વામી કહે છે,

"જે જાણતો અરિહંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને તસુ મોહ પામે લય ખરે."

માટે એવો પ્રયત્ન કરવો કે દુનિયાના પદાર્થો કરતાં આપણે સદ્ગુરુમાં, ભગવાનમાં અને તેમની આજ્ઞામાં વધારે રુચિ કરી, તેમાં આપણો 'ભાવ' વધારે ને વધારે જોડીએ. તેમની શ્રદ્ધા કરવી, તેમનું સ્મરણ કરવું, તેમનો પરિચય કરવો. જેવો પ્રેમ તમારા દીકરાને કરો છો તેથી વધારે તે પૂજ્ય પરમાત્માનું સ્વરૂપ જાણીને કરવો. જેને પરમાત્મા, સદ્ગુરુ તથા તેમની વાણી સાથે પ્રીતિ નથી થઈ તેને સ્વપ્નમાં પણ આત્માની પ્રતીતિ થતી નથી. માટે જુદી જુદી રીતે તેમની આરાધના કરવી. ભગવાન કહે છે કે શ્રવણ કરો, કીર્તન કરો, ચિંતન કરો, સેવન કરો, ધ્યાન કરો, લઘુતા રાખો, સમતા રાખો તો તમે પરમાત્મામાં એકતાન થઈ પરમાત્મા થઈ જશો. માટે વધારે ને વધારે સત્સંગ કરવો, ભગવાનનું નામ લખવું, ભગવાનની મૂર્તિ જોવી, ગુરુની મૂર્તિ નીરખવી, ગુરુની વાતો યાદ કરવી. તેઓ કહે છે કે ભાઈ ! તને ગુલાબજાંબુ બહુ ભાવે છે ને તો ૨૪ કલાક પછી તેનું સ્વરૂપ કેવું હશે તેનો વિચાર કર. શરીર પ્રત્યે મોહ થાય તો તરત જ વિચારવું કે ૩૦ વર્ષ પછી તે શરીરના વાળ ધોળા થઈ જશે, ત્યારબાદના ૨૦ વર્ષે બધા ખરી પડશે,

પછીના ૧૦ વર્ષે બેસાશે નહીં, ચલાશે નહીં. એવરેસ્ટના શિખર સર કરનાર એવો તેનસિંગ તેની છેલ્લી અવસ્થામાં એક ફૂટ પણ ચાલી શકતો નહોતો ! આમ, ગુરુ દ્વારા અપાયેલ પદાર્થની અનિત્યતાના બોધનો વિચાર કરવો. મહાત્મા કબીરદાસજી કહે છે,

“ઇસ તન ધનકી કૌન બડાઈ,
દેખત નૈનોંમેં મિટ્ટી મિલાઈ.”

આ વાત નિશ્ચયનયથી કહી, છતાં પણ જ્યાં સુધી આ દેહનો સંયોગ છે ત્યાં સુધી ઉત્તમ પ્રકારે ધર્મ થઈ શકે છે. માટે તેને યોગ્ય ન્યાય આપવો, પણ તે કાંઈ દુરિચ્છા કરે, અન્યાયપૂર્વકની વસ્તુ માંગે તથા કાંઈ પણ અધર્મની માંગણી કરે તો તેને સ્પષ્ટ શબ્દોમાં કહી દેવું કે નહીં મળે. દીકરા પણ જો દારૂ પીને આવે તો તેને પણ એમ કહી દેવું કે ભાઈ, આપણા ઘરમાં આવું ન ચાલે. તો પણ જો બીજા દિવસે દારૂ પીને આવે તો કહી દેવું કે બેટા, તને જુદો રૂમ લઈ આપું છું. તારી બધી વ્યવસ્થા ત્યાં કરી આપીશ. પણ અમે તારી સાથે રહી શકીશું નહીં. આમ, પ્રેમપૂર્વક તેને ધિક્કાર્યા વિના કહી દેવું. આમ કરવામાં કાંઈ દીકરા પ્રત્યે દ્વેષ નથી પણ તેના દુષ્કૃત્યો પ્રત્યે આપણી સંપૂર્ણપણે અસહમતિ છે. આ શરીરને એકલું ધિક્કારવાનું પણ નથી તથા એકલા લાડ પણ લડાવવાના નથી પણ સમ્યક્ વ્યવહાર કરવાનો છે. તેમ વ્રત - ઉપવાસાદિ પણ માત્ર લાંઘણરૂપ ન થાય તેનો ખ્યાલ રાખવો. માત્ર ભોજનનો ત્યાગ કરવો તે ઉપવાસ નથી પણ આહાર, વિષય અને કષાયનો ત્યાગ કરી વારંવાર પ્રભુ-ગુરુનું સ્મરણ કરવું, સત્સંગ, સ્વાધ્યાય, ધ્યાન, ભક્તિઆદિમાં ચિત્તને જોડવું તે સમ્યક્ ઉપવાસ કહેવાય છે. આમ, ગુરુગમ દ્વારા પ્રત્યેક ક્રિયા કરવાથી અલૌકિક દૃષ્ટિનો ઉઘાડ થાય છે; તેથી સ્વ-પરમાં આત્મદૃષ્ટિ થાય છે, જેથી રાગ-દ્વેષ મોહાદિરૂપ સંસાર સુકાવા લાગે છે અને અતીન્દ્રિય આનંદની અનુભૂતિ થવા લાગે છે અને આ જ આ માનવભવની સાર્થકતા છે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

## સમાધિતંત્ર - અમૃતરસપાન

(પાના નં. ૧૪ પરથી ચાલુ...)

આ ભાવો ઘણા ગંભીર અને સૂક્ષ્મ છે. વારંવાર વિચાર કરતાં બોધે સમજાય છે. ‘ઉપદેશનોંધ’ના પંદરના અંકમાં વીસ પરમાગમ શાસ્ત્રોનો ઉલ્લેખ છે. તેમાં છેલ્લે આ શબ્દો છે, “આદિ અનેક છે. ઇન્દ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક એ સત્શ્રુત સેવવા યોગ્ય છે. એ ફળ અલૌકિક છે, અમૃત છે.” પરમકૃપાળુદેવના આ શબ્દો ગંભીરતાપૂર્ણ છે તથા યથાર્થ અભ્યાસ થાય તો પરમપદ આપનાર છે.

પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ ‘ઇન્દ્રિયાષ્ટક’માં કહે છે,

**विवेकद्विपहर्यक्षैः समाधिधन तस्करैः**
**इन्द्रियैर्यो न जितोऽसौ धीराणां धुरि गण्यते ॥८॥**

વિવેકરૂપ હાથી છે તેને સિંહ હણે છે. નિર્વિકલ્પ સમાધિધન જેની પાસે છે તે લુંટવાને ચોર રૂપ ઇન્દ્રિયોથી જે જિતાયો નથી તે ધીર પુરુષોમાં ઉત્તમ છે. જેણે ઇન્દ્રિયોને વશ કરી છે તે ધીર પુરુષ છે.

પૂ.બેનશ્રી ચંપાબેનની સમાધિગિરા કહે છે,

“જ્ઞાન-વૈરાગ્ય રૂપી પાણી અંદર સિંચવાથી અમૃત મળશે, તારા સુખનો ફૂવારો છૂટશે; રાગ સિંચવાથી દુઃખ મળશે. માટે જ્ઞાન-વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી મુક્તિસુખ રૂપ અમૃત મેળવ.” અહીં શ્લોક ત્રીસનો પૂર્વાર્ધનો અભ્યાસ કર્યો. હવે શ્લોક ત્રીસના ઉત્તરાર્ધનો અભ્યાસ આવતા અંકમાં કરીશું.

**(ક્રમશઃ)**

• • •

પરમનો સ્પર્શ - ૮૮

# શાસ્ત્રો - સત્યના માર્ગે ચાલવાની દીવાદાંડી

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

એક વાર સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીને મળવા માટે દીનાનાથ ભટ્ટ નામના સંસ્કૃતના પ્રકાંડ પંડિત આવ્યા. એમની પંડિતાઈ આગળ ભલભલા પાણી ભરે. શ્લોકો તો એટલા બધા મોઢે કે ગણ્યા ગણાય નહીં. એમની સાથે વાદવિવાદમાં ઊતરવાનું કોઈનું ગજું નહીં. એવા પંડિતજીનો શ્રી સહજાનંદ સ્વામીએ આદર કર્યો અને એમને પૂછ્યું,

"આપ તો સંસ્કૃતના પ્રકાંડ શાસ્ત્રી છો. આપની વિદ્વત્તાનાં સઘળે વખાણ થાય છે. આપની યાદશક્તિ પણ અજોડ છે. એક પ્રશ્ન પૂછું ?"

"પૂછો, જરૂર પૂછો." શાસ્ત્રી દીનાનાથ ભટ્ટને થયું કે સ્વામીજી એમની પરીક્ષા કરવા માગે છે.

શ્રી સહજાનંદ સ્વામીએ પૂછ્યું, "આપને કેટલા શ્લોકો મોઢે છે ?"

પંડિત દીનાનાથ ભટ્ટે જવાબ વાળ્યો, "પૂરા અઢાર હજાર ! કહો તો અત્યારે જ ગાઈ સંભળાવું."

શ્રી સહજાનંદ સ્વામીએ પ્રશ્ન કર્યો : "મારે એ શ્લોકો સાંભળવા નથી, પરંતુ તમારી પાસેથી એ જાણવું છે કે આ અઢાર હજાર શ્લોકોમાંથી કયો શ્લોક તમને મોક્ષ અપાવવામાં સહાયરૂપ બનશે ?"

પંડિતજી તો ઊંડા વિચારમાં પડી ગયા. એમણે આજ સુધી શ્લોકનો વિચાર કર્યો હતો, મોક્ષનો નહિ. આથી એમણે કહ્યું, "ઓહ ! સ્વામીજી એની તો મેં ક્યારેય ગણતરી કરી જ નથી. એવો હિસાબ તો કદી મેં માંડ્યો જ નથી."

"તો પછી આટલા બધા શ્લોકો યાદ રાખવાનો અર્થ શો ? એમ તો પોપટ પણ ક્યાં શ્લોક નથી બોલતા ? જે શાસ્ત્ર મુક્તિ ન અપાવે, તેનો અભ્યાસ કરવાથી શો લાભ ? એનાથી કંઈ આત્માનું કલ્યાણ ઓછું થાય ?" વિદ્વત્તાના સાગર સમાન પંડિત દીનાનાથજીને સ્વામીશ્રી સહજાનંદજીની ટકોર સમજાઈ.

આ ઘટના ગહન ચિંતન જગાડે છે. સમાજમાં સામાન્ય રીતે એવું વલણ જોવા મળે છે કે જે વ્યક્તિ રામાયણ કે ભગવદ્‌ગીતાના શ્લોકો કડકડાટ બોલી જાય છે એ ધર્મપુરુષ ગણાય છે. દરેક ધર્મમાં ઓછાવત્તા અંશે એવું પ્રચલન જોવા મળે છે કે ધર્મની ગાથા કે એમાં આવતાં વર્ણનો કડકડાટ બોલી જનારને સંત તરીકે આદર આપવામાં આવે છે. પરંતુ હકીકત એ છે કે પોતાની સ્મૃતિશક્તિથી આવું કરી શકનારને ધર્મપુરુષ કહી શકાય ખરા ? ગ્રંથોના ગ્રંથો બોલી જનારને જ્ઞાની ગણી શકાય ખરા ? આવી યાદદાસ્ત પાછળ વ્યક્તિને એ જ્ઞાનનો અનુભવ હોતો નથી.

શાસ્ત્ર એ ગોખવાની વિદ્યા નથી, એ તો સત્યના માર્ગે ચાલવાની દીવાદાંડી છે. હકીકત તો એ છે કે આવી રીતે શ્રીમદ્ ભાગવતને બોલી જનાર મહાજ્ઞાની કહેવાય છે. ખરેખર જ્ઞાની ગણી શકાય ખરા ? કે પછી એની શક્તિ એનું અજ્ઞાન ઢાંકવામાં સહાયભૂત ગણી શકાય ?

હકીકત એ છે કે આ વ્યક્તિનું અજ્ઞાન એ અજ્ઞાન જ રહે છે. શાસ્ત્રોના શબ્દો સુધીની એની ગતિ હોય છે. બાકી એ શબ્દો એના ભીતરમાં ઉતરેલા હોતા નથી, એટલું જ નહીં પણ એનાથી એના ભીતરમાં કોઈ નવો જ્ઞાનપ્રકાશ પ્રગટ્યો હોતો નથી. એ માત્ર શબ્દો પકડે છે અને એની સ્મૃતિમાં

મૂકે છે અને જરૂર પડે છે ત્યારે સ્મૃતિમાંથી એ શબ્દને બહાર કાઢે છે એટલે કે આમાં પ્રકાશિત જ્ઞાનશક્તિને બદલે સંચિત સ્મૃતિશક્તિનો મહિમા હોય છે.

ધર્મગ્રંથો યાદ કરવાથી કે એમાં આલેખાયેલા સિદ્ધાંતો બોલી જવાથી કશું આત્મસાત્ થતું નથી. ધર્મને માટે શબ્દ એ તો બાહ્યઆવરણ છે. એનો દેહ એ શબ્દનો અર્થ છે અને એની અનુભૂતિ એ એનું હૃદય છે. માત્ર શબ્દ પકડીને ચાલનાર કે પછી કોઈ કુશળ ચારણ કવિની માફક શબ્દ સાથે રમત કરનાર એ શબ્દના મર્મને પામતો નથી. ક્યારેક તો સ્થૂળ રીતે શબ્દને પકડવામાં આવે, તો એ શબ્દ અર્થને બદલે અનર્થકારી બનતો હોય છે. બાકી માત્ર શબ્દજ્ઞાનને અનુભવ સાથે કશો સંબંધ નથી અને ધર્મના તત્ત્વ તથા સત્ત્વ સાથે એનું કોઈ અનુસંધાન નથી.

ધર્મગ્રંથોનું પોપટિયું ઉચ્ચારણ કરનાર ઘણીવાર પોતાની જાતને પરમ ધાર્મિક માની લે છે અને જનસમૂહ પણ એની સતેજ સ્મૃતિશક્તિને ધર્મોપાસનાનું શિખર માને છે, પરંતુ આ રીતે સ્મૃતિશક્તિના જોરે કામ કરવાથી માણસ ક્યારેય જ્ઞાની બનતો નથી. એથી વધારે પોતાની આ શક્તિને કારણે અહંકારી બની જાય છે. આવી વ્યક્તિને બે પ્રકારે નુકસાન થાય છે - એક તો એ જ્ઞાનથી દૂર રહે છે અને બીજું એ પોતાને પરમ જ્ઞાની માનવાની ભ્રાંતિ સેવવા લાગે છે.

સ્મૃતિશક્તિના ખેલને પહેલાં સમજવો જોઈએ. તમારી પાસે યાદ રાખવાની શક્તિ હોય છે, જે બાળપણથી મળી હોય છે પરંતુ, ધર્મના ગ્રંથો આવી રીતે યાદ રાખનાર એ માત્ર નિશાળમાં અંગ્રેજી સ્પેલિંગ કે ભૂમિતિના સિદ્ધાંતો જાણનાર જેવો જ છે. એનો અર્થ એ કે વ્યક્તિ પોતાની સ્મૃતિ સુધારીને કે વધારીને માહિતીનો સંગ્રહ કરતો હોય છે એટલે કે એની સ્મરણશક્તિને બરાબર ઘડી શકતો હોય છે.

પરંતુ આજે તો સમાજમાં વેદ કે ગીતા બોલી જનારનો અતિ મહિમા છે. જે વ્યક્તિ વેદ બોલે છે, એણે એની સ્મૃતિમાં તો વેદના બદલે સૂફી કવિતા મૂકી હોત, તો તે સૂફી કવિતા બોલતો હોત. આમ, સ્મૃતિનું કામ એ તો ટેપ જેવું છે. જેમ ટેપમાં તમે જે ઉતારો તે એ જ પ્રમાણે રજૂ થાય છે. વળી, આવી સ્મૃતિશક્તિને આધારે શાસ્ત્ર બોલતી વ્યક્તિ સરળતા અને વિનમ્રતા ગુમાવીને પોતાની જાતને બીજાથી ઘણી ઊંચી માનવા લાગે છે. એ પોતાને જ્ઞાની અને પંડિત માનવા લાગે છે અને પરિણામે એની સ્મૃતિશક્તિ એને અવળે માર્ગે લઈ જાય છે.

આમ તો માનવીની સ્મૃતિશક્તિ એ યંત્ર રૂપ છે. એ યંત્રમાં જે કંઈ નાખો, તે પ્રગટ થતું હોય છે. જો તમે ધર્મગ્રંથોના શ્લોકો મૂક્યા હશે, તો તે એ રીતે પ્રગટ થશે અને તમે ઈશ્વરને નહીં માનનારા એવા નાસ્તિકનાં વચનો મૂક્યાં હશે, તો તે પણ એ રીતે પ્રગટ થશે. આથી આવા સંગ્રહને વ્યક્તિના ચિત્તની આગવી શક્તિ સાથે જોડવાની જરૂર છે, ધર્મની સાથે નહીં. જો એને ધર્મની સાથે જોડશે તો એનામાં જ્ઞાની હોવાનો ઘમંડ જાગશે અને આ ઘમંડ એના અજ્ઞાનને વધુ બહેકાવશે. જો એની પાસે જ્ઞાનનો પ્રકાશ હોત તો એ નમ્ર બની શક્યો હોત, પરંતુ જ્ઞાનના પ્રકાશના અભાવે અને ધર્મની સાચી સૂઝના અભાવને કારણે એનો અહંકાર વધુને વધુ બહેકતો જશે અને એના કારણે એ વ્યક્તિ પોતાની જાતને વધુ ને વધુ નુકસાન કરતો રહેશે.

આમ, ધર્મગ્રંથોનો મુખપાઠ કરવાથી માણસના ચિત્તમાં કોઈ પરિવર્તન આવતું નથી. હા, એટલું સાચું કે ધર્મોના શ્લોકોના ગાનને પરિણામે એ બાહ્ય વાતાવરણ સર્જી શકે છે, પરંતુ જેમ એનું ભીતર ખાલી હોય છે, એ રીતે એનું હૃદય કશી

**(અનુસંધાન પાના નં. ૨૭ પર...)**

## શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૪૭)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

અધ્યાત્મ પારદર્શક જેનું જીવન છે, સત્ત્વશીલ બોધબીજ પ્રદાયક જેનું કવન છે તથા સત્‌પ્રેમપૂર્ણ, અપ્રમત્ત દશામય જેનું ભવન છે એવા પરમ-કૃપાળુદેવની પત્રાંક ૮૯૮ પરમ સરસ્વતીની શાશ્વત ગિરાના આ શબ્દો છે, ''આ પ્રવૃત્તિવ્યવહાર એવો છે કે જેમાં વૃત્તિનું યથાશાંતપણું રાખવું એ અસંભવિત જેવું છે. કોઈ વીરલા જ્ઞાની એમાં શાંત સ્વરૂપનૈષ્ઠિક રહી શકતા હોય એટલું બહુ દુર્ઘટતાથી બને એવું છે. તેમાં અલ્પ અથવા સામાન્ય મુમુક્ષુવૃત્તિના જીવો શાંત રહી શકે, સ્વરૂપનૈષ્ઠિક રહી શકે એમ યથારૂપ નહીં પણ અમુક અંશે થવાને અર્થે જે કલ્યાણરૂપ અવલંબનની આવશ્યકતા છે, તે સમજાવાં, પ્રતીત થવા અને અમુક સ્વભાવથી આત્મામાં સ્થિત થવાં કઠણ છે. જો તેવો કોઈ યોગ બને તો અને જીવ શુદ્ધ નૈષ્ઠિક થાય તો, શાંતિનો માર્ગ પ્રાપ્ત થાય એમ નિશ્ચિત છે. પ્રમત્ત સ્વભાવનો જય કરવાને અર્થે પ્રયત્ન કરવું યોગ્ય છે. આ સંસારરણભૂમિકામાં દુષમકાળરૂપ ગ્રીષ્મના ઉદયનો યોગ ન વેદે એવી સ્થિતિનો વિરલ જીવો અભ્યાસ કરે છે.'' શ્રી રાજપ્રભુના ચરણોથી સ્પર્શાયેલી પાવન ભૂમિ કાવિઠાના શ્રી ઝવેરભાઈ અને રતનચંદભાઈને ભૂમિકા યોગ્ય સમવૃત્તિથી - સમતાભાવ પ્રેરક સંદેશ સાથે સર્વ જીવોને પરમ ઉપકારી બોધ આપ્યો છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય 'સમાધિતંત્ર'માં કડવા લીંબડાની એક ડાળ મીઠી જેવો ઉપદેશ આપે છે. સર્વત્ર વિપરીત બોધનું સામ્રાજ્ય હોય તેમાં મીઠા લીંબડા જેવી સૌરભપૂર્ણ, સ્વાદિષ્ટ બોધની વર્ષા થાય તે ભીંજાવાનું કારણ બને છે. શ્લોક ઓગણત્રીસમાં અભ્યાસ કર્યો કે અજ્ઞાની બહિરાત્મા પત્ની, પુત્ર, પરિવારમાં વિશ્વાસ કરે છે, તેને ભયમુક્ત સ્થાન સમજે છે. તેની સામે પરમાત્માના અનુભવથી ભય પામે છે. ખરેખર પરમાત્મા એ જ એક અભય સ્થાન છે તેને લક્ષમાં લેતો નથી. આત્મામાં કષ્ટની પરંપરા દેખાય છે. દુઃખના સ્થાન દેખાય છે. તેમાંથી નિવૃત્ત થવાનો અભ્યાસ કર્યો હવે શ્લોક ત્રીસમાં કહે છે...

**सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेनान्तरात्मना ।**
**यत्क्षणं पश्यतो भाति तत्वत्त्वं परमात्मनः ॥**

**અન્વય :**

सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेन अन्तरात्मना क्षणं पश्यतः यत् भाति तत् परमात्मनः तत्त्वम् ।

**શબ્દાર્થ :** सर्वेन्द्रियाणि - સર્વ ઇન્દ્રિયોને, संयम्य - રોકીને, स्तिमितेन - સ્થિર થયેલા, अन्तरात्मना - અન્તરાત્મા દ્વારા, क्षणं पश्यतः - ક્ષણ માત્ર જોનારને, यत् - જે, भाति - પ્રતિભાસે છે, અનુભવાય છે, तत् - તે, परमात्मनः - પરમાત્મ સ્વરૂપ છે.

**ભાષાંતર :** સર્વ ઇન્દ્રિયોને રોકીને સ્થિર થયેલા અંતરાત્મા દ્વારા ક્ષણ માત્ર જોનારને જે અનુભવાય છે તે પરમાત્માનું સ્વરૂપ છે.

**ભાવાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્યની મુનિદશાને પ્રણામ કરીને કહીએ કે તેઓએ એક શતક અર્થાત્ સો શ્લોકમાં ચૌદપૂર્વનો સાર ભરી દીધો છે. કોઈ પણ આરાધક માટે આત્મપ્રાપ્તિનો રામબાણ ઉપાય અહીં પ્રગટ કર્યો છે. પહેલા સર્વ ઇન્દ્રિયોને રોકીને, પછી મનને સ્થિર કરીને અંતરમાં

જે જણાય છે તે જ્ઞાનસ્વરૂપ આત્મા છે. સંક્ષિપ્ત શબ્દોમાં આત્મદશાના પૂરા ભાવ ભર્યા છે. શ્રી પૂજ્યપાદદેવને આ સિદ્ધિ હસ્તસિદ્ધ છે.

જેને સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો છે, દેહાદિ પદાર્થો પ્રત્યેની સુખબુદ્ધિ દૂર થઈ છે, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પ્રત્યે વિશ્વાસ પ્રગટ્યો છે એવા અંતરાત્માને તત્ત્વજ્ઞાનની ઊંડી ગુફા દર્શન કરવા પ્રેરે છે. ઈન્દ્રિયોના વિષયભોગો પ્રત્યે વૈરાગ્યવાળા આત્માને ઇન્દ્રિયોનો સંયમ સરળતાથી થાય છે, તથા અંતરાત્મા કે મનોજગતના સંકલ્પ - વિકલ્પોને અસાર જાણી મન આત્મા ભણી વળ્યુ છે. એવી અંતરાત્માની યોગ્યતા આવતાં જ્ઞાનીપુરુષ સમજાવે છે કે હે વત્સ ! તું સિદ્ધ સમાન છો. પરમાત્મ સ્વરૂપ તે જ સાચું સ્વરૂપ છે. હવે સર્વ ઇન્દ્રિયોમાંથી ઉપયોગ પાછો વાળી અંતર્મુખ ઉપયોગ કર. બહારના ઇન્દ્રિયોના દ્વાર બંધ કરી દે. ઉપયોગને આત્મામાં એકાગ્ર કરી દે. ત્યાં आत्मा भाति - પરમાત્માના દર્શન થશે. અનાદિકાળથી જે પરિણતિ વિખૂટી પડી હતી તે પરિણતિ સ્વગૃહમાં આવશે. ટકશે. બાહ્યભાવ મટશે. પરમકૃપાળુદેવ કહે છે કે "ઉપયોગને શુદ્ધ કરવા, આ જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જજો; પાર્શ્વનાથાદિક યોગીશ્વરની દશાની સ્મૃતિ કરજો."

**વિશેષાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્યદેવ સમ્યગ્દર્શન પ્રાપ્તિની ઝંખનાસભર જીવને ક્રમિક ઉપાય દર્શાવે છે.

**૧. सर्वेन्द्रियाणि संयम्य** - સર્વ ઇન્દ્રિયોને રોકીને, પંચ ઇન્દ્રિયો અને મન બહારના વિષયોમાં પ્રવૃત્ત થાય છે. કર્ણેન્દ્રિય સારું સાંભળવામાં દોડે છે. કેટલાક સામાન્ય જીવો તો કર્ણને નિંદારસમાં જોડે છે. તેવા જીવો યોગ્યતા વધારશે ત્યારે આત્માપ્રાપ્ત કરવાર્થે યોગ્યતા આવશે. ચક્ષુ ઇન્દ્રિય જગતના પદાર્થો જોવામાં દોડે છે. ઘ્રાણેન્દ્રિય સુગંધના સ્થાનોમાં ભાગે છે. રસેન્દ્રિય તો મિષ્ટ-અમિષ્ટ રસમાંથી મિષ્ટ રસ પ્રતિ ત્વરિત દોડે છે. સારુંનરસુ કરીને કર્મબંધના ચોપડે ચિતરામણ કરે છે. અને સ્પર્શેન્દ્રિય તો સદા જીવની સાથે રહે જ છે તેથી અનેક સંકલ્પવિકલ્પમાં રહે છે. ઇન્દ્રિયોનું બળ મન છે તેથી બધે દોડે છે. ત્યારે પ્રભુ પ્રેમથી કહે છે વત્સ संयम्य - ઇન્દ્રિયોને બહાર જતી રોકીને આ માર્ગમાં પ્રવૃત્ત થા.

આગળ કહે છે કે અંતરજલ્પ અને બાહ્યજલ્પના વિકલ્પોને છોડી દે. ઇન્દ્રિયોના વિષયો રોક્યા પછી અંતરમાં જે વિભાવભાવો તેનાથી રહિત થઈ જા. આ રીતે નાસ્તિ સિદ્ધ કરી. હવે અસ્તિથી વાત થાય છે. બધાથી રહિત થયેલી વૃત્તિને - તારા ઉપયોગને સ્વમાં સ્થિર કર. દીર્ઘકાળ સુધી અભ્યાસ થતાં આત્માનંદ થશે. પૂજ્ય આત્માનંદજી સાહેબજી બોધમાં વારંવાર આરાધકોને આ દૃષ્ટિ પ્રત્યે દોરે છે. દીર્ઘકાળ સુધી ઉપયોગને આત્મામાં એકાગ્રતાનો પુરુષાર્થ કરવામાં આવે, બાહ્ય વિભાવોનો ત્યાગ થાય તો આત્મસ્વરૂપમાં અવાય છે. આત્મસ્વરૂપમાં સ્થિતિ થાય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના આ શબ્દો આ વાતને દૃઢ કરે છે કે...

**प्रजहाति यदा कामान् सर्वान् पार्थ मनोगतान् ।**
**आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥५५॥**

હે પાર્થ ! જે સમયે પુરુષ મનમાં રહેલી સર્વ કામનાઓને - ઇચ્છાઓને ત્યજી દે છે અને આત્માથી આત્મામાં સંતુષ્ટ રહે છે તેને સ્થિતપ્રજ્ઞ કહે છે. તે સમ્યક્‌દૃષ્ટિને પ્રાપ્ત થાય છે. ઉપનિષદકારો કહે છે तेन त्यक्तेन भुंजीथाः - ત્યાગીને ભોગવી જાણો. મર્મ સાથે વાત છે. ઉપશમ અને વૈરાગ્ય જેમાં ઝળહળે છે તેને પરમાત્મા વરે છે. ત્યાગ અને વૈરાગ્ય જેના ચિત્તમાં નથી તેને જ્ઞાન-દર્શન-ચારિત્રનો સમ્યક્‌માર્ગ પ્રાપ્ત કેમ થાય ? 'માન મૂકીને તમે

આવો રે મેદાનમાં પાનબાઈ', શ્રી ગંગાસતીના આ શબ્દો કહે છે કે માન સાથે બધી ઈન્દ્રિયો સમાય છે. જો માન મૂકીને આવો તો તમને બતાવું બાવનઅક્ષર બારો ભગવાન કેવો છે. મીરાનું ગુંજન છે, "ગોવિન્દો પ્રાણ અમારો રે જગ મને લાગ્યો ખારો રે !" – જગત ખારું લાગ્યું અને ગોવિન્દ પ્રભુ પ્યારા લાગ્યા. કવિ નરસિંહ, ભોજો ભગત, સવો ભગત, સતારશા, ભીમદેવ, ભાણ સાહેબ વગેરે અનેક સંતોએ ઈન્દ્રિયોને સંયમ્ય - સંયમમાં લઈને આત્મદ્વાર ખટખટાવવાની વાણી ઉચ્ચારી છે.

શ્રી અકલંકદેવ આચાર્ય 'સ્વરૂપ સંબોધન' ગ્રંથના શ્લોક એકવીસમાં લખે છે, "જ્યારે કોઈ સાધુ મહાત્મા પુરુષના હૃદયમાંથી મોક્ષની પણ ઈચ્છા નાશ પામે છે ત્યારે તેને મુક્તિ પ્રાપ્ત થઈ શકે છે. આ સિદ્ધાન્ત વાક્ય ઉપર ધ્યાન આપીને આત્મહિતના ઈચ્છુક જીવોએ બધા પદાર્થોની ઈચ્છાનો ત્યાગ કરવો જોઈએ." મુનિરાજની અપૂર્વ દશામાંથી આ સમાધિભાવ પ્રગટ થયો છે.

પરમકૃપાળુદેવની સમ્યક્‌વાણી કહે છે,

"હે જીવ ! કયા ઈચ્છત હવે ? હૈ ઈચ્છા દુઃખમૂલઃ
જબ ઈચ્છા કા નાશ તબ, મિટે અનાદિ ભૂલ."

વૈરાગ્યની અપૂર્વભાવના ઘૂંટાઈ છે ત્યારે સાધક સમ્યક્‌માર્ગમાં આગળ પદાર્પણ કરી શકે છે. "ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરે કોટી ઉપાય જી." - આ વાણીના ગાનાર યથાર્થ વાત મૂકે છે.

શ્રી તારણસ્વામી 'મમલપાહુડ' ભાગ એકમાં લખે છે,

"संसार को अनित्य, दुःखोंका घर व असार विचारें, शरीर को अपवित्र व नाशवंत सोचें व इन्द्रियभोगों को क्षणभंगुर व अतृप्तिकारी जानें। संसार की सर्व पर्यायें त्यागने योग्य है। केवल एक शुद्धात्मा की परिणति हि ग्रहण करने योग्य है। ऐसा वैराग्य जिसको होगा वही मोक्षप्राप्ति करने का प्रेमी होगा ।"

'દ્વાદશઅનુપ્રેક્ષા'ની ભાવના ભાવવા માટે સત્પુરુષો વારંવાર ઉપદેશિત કરે છે. બારભાવના વૈરાગ્યની જનની છે. વિદ્યુત, લક્ષ્મી, પ્રભુતા, આયુષ્ય એ ક્ષણિક છે. અનિત્ય છે. જળના તરંગો, મેઘધનુષ્યના રંગો, મન્મથની માયા બધા ક્ષણ પૂરતાં છે. મેઘાવલિમાં દેખાતા ભિન્ન ભિન્ન આકારો જોત જોતામાં જુદા આકાર ધારણ કરે છે. ત્યાં લગની લગાડવી કે તેમાં સુખબુદ્ધિ માનવી તે વૈરાગ્યભાવથી દૂર થવાનું નિમિત્ત બને છે. શરીર અનેક વ્યાધિઓથી ભરેલું છે. જે વ્યાધિ ઉદયમાં આવે ત્યારે એકલા જીવને જ તે દુઃખ ભોગવવાનું છે. કોઈ અન્ય સહાયભૂત થનાર નથી. આપણે એ વાતના સાક્ષી છીએ કે પરિવાર કે અન્ય સ્વજન દવાખાને હોય – વૈદ્ય, હકીમ, ડૉક્ટર બધા તેને બચાવવાના ઉપાય કરતા હોય, તે જીવ ઘણું દુઃખ ભોગવતો હોય તેમાં કોઈ અન્ય શરણ રૂપ બનતો નથી. તે જોઈને આરાધક આત્મા વૈરાગ્યમાં તન્મય બની, સ્વરૂપને સાધી પણ લે છે. આવી અન્ય ભાવનાઓથી આત્મદ્વાર સુધી પહોંચી સ્વાત્મામાં લીન થાય છે.

પરમકૃપાળુદેવના આ ભાવો છે કે "મનને લઈને આ બધું છે. એવો જે અત્યાર સુધીનો થયેલો નિર્ણય લખ્યો, તે સામાન્ય પ્રકારે તો યથાતથ્ય છે. તથાપિ 'મન', 'તેને લઈને', અને 'આ બધું', અને 'તેનો નિર્ણય', એવા જે ચાર ભાગ એ વાક્યના થાય છે, તે ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય એમ જાણીએ છીએ. જેને તે સમજાય છે તેને મન વશ વર્તે છે; વર્તે છે, એ વાત નિશ્ચયરૂપ છે; તથાપિ ન વર્તતું હોય તો પણ તે આત્મસ્વરૂપને વિષે જે વર્તે છે. એ મન વશ થવાનો ઉત્તર ઉપર લખ્યો છે તે સર્વથી મુખ્ય એવો લખ્યો છે. જે વાક્ય લખવામાં આવ્યા છે તે ઘણા પ્રકારે વિચારવાને યોગ્ય છે."

**(અનુસંધાન પાના નં. ૯ પર...)**

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૧૧)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(ગાથા - ૧૧)**

**तुम को बिन जाने जो कलेश ।**
**पाये सो तुम जानत जिनेश ॥**
**पशु नारक नर सुरगति मंझार ।**
**भव धर-धर मर्यो अनंत बार ॥**

**શબ્દાર્થ :** હે જિનેશ્વર ભગવાન ! આપને ઓળખ્યા વિના મેં જે દુઃખ ભોગવ્યાં છે તે આપ જાણો જ છો. તિર્યંચ (પશુ) ગતિ, નરકગતિ, મનુષ્યગતિ અને દેવગતિમાં જન્મ લઈ અનંતવાર મૃત્યુને શરણ થયો છું.

**વિશેષાર્થ :**

ભગવાનને જાણ્યા વિના - પરમાત્મપદની ઓળખાણ થયા વિના આ જીવને સુખચેન કેવી રીતે મળે ? આપણે ભગવાનને જાણ્યા નહીં એટલે આપણા સ્વરૂપને - આત્માને પણ જાણ્યો નહીં. તેથી અજ્ઞાનવશ અનંત દુઃખ પામ્યા.

- જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
  સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત.

**– શ્રી આત્મસિદ્ધિ - ૧**

- અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન,
  સેવ્યા નહીં ગુરુ સંતને, મૂક્યું નહીં અભિમાન.

**– 'વીસદોહરા' શ્રીમદ્‌ રાજચંદ્ર**

જે ભવ્યજીવ પોતાના હૃદયમંદિરમાં પરમાત્માના દર્શન કરે છે તેને પોતાના સ્વરૂપનું પણ ભાન થઈ જાય છે અને ક્રમે કરીને સદ્‌ગુરુની કૃપા અને પોતાની સત્પાત્રતા દ્વારા અલૌકિક પરમાત્મપદને પ્રાપ્ત કરી લે છે. તેના સર્વ ક્લેશ અને દુઃખોનો નાશ થઈ જાય છે અને વિધેયાત્મકપણે સ્વ અનંત ચતુષ્ટય (અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય)નો ભોક્તા બની જાય છે, જે આપણા સૌનું ધ્યેય છે.

- જે જાણતો અરિહંતને, ગુણ દ્રવ્યને પર્યયપણે,
  તે જીવ જાણે આત્મને તસુ મોહ પામે લય ખરે.

**– શ્રી પ્રવચનસાર - ૮૦**

ભગવાનને ઓળખવા માટે દિવ્ય નેત્ર પ્રગટાવવા પડે – મુમુક્ષુ - સાધક બનવું પડે. પરમકૃપાળુદેવ કહે છે,

"મુમુક્ષુના નેત્રો મહાત્માને ઓળખી લે છે"

**– શ્રી રા. વ. પ. ૨૫૪**

આપણે કેવા મુમુક્ષુ બનવું જોઈએ ? તો કહે છે :

- દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
  હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય.

**– શ્રી આ.સિ.ગા. ૧૩૮**

- કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
  ભવે ખેદ અંતરદયા, તે કહીએ જિજ્ઞાસ.

**– શ્રી આ.સિ.ગા. ૧૦૮**

આવા મુમુક્ષુને સત્પુરુષનો ભેટો થતા શું શું થાય છે તે કહે છે :

"અહો સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ ! સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શનમાત્રથી પણ નિર્દોષ

અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ, અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત; - છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર ! ત્રિકાળ જયવંત વર્તો !

**– શ્રી રા.વ. પ. ૮૭૫**

આમ, ઘણા જીવો ભગવાનના દિવ્ય દર્શનથી આત્મજ્ઞાન પામે છે, ઘણા મુનિપદ પ્રગટાવે છે અને આસન્નભવ્ય જીવો સર્વ કર્મ ક્ષય કરી કેવળજ્ઞાન પ્રગટાવે છે.

"દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો,
ભાસ્યું આત્મસ્વરૂપ અનાદિનો વીસર્યો."

આ ગાથામાં પંડિતવર્ય દૌલતરામજી આપણને વૈજ્ઞાનિક પદ્ધતિથી કરણાનુયોગની અપેક્ષાથી સમજાવે છે કે અનાદિકાળથી હું એકેન્દ્રિયથી પંચેન્દ્રિય યોનિઓમાં ભટક્યો - પણ મન નહોતું મળ્યું તેથી આપને ઓળખી શક્યો નહીં. આ મનુષ્યભવ મને બહુ પુણ્યથી પ્રાપ્ત થયો છે - એટલે પાંચઈન્દ્રિય સહિત મન મળ્યું છે અને સાચું સુખ પ્રાપ્ત કરવા માટે વિવેકશક્તિ જાગી છે. અત્યાર સુધી જે ગતિમાં ગયો તે પર્યાયરૂપ જ મેં પોતાને માન્યો હતો. પણ તમારા દર્શન થતાં જ મારી ભ્રમણા ભાંગી ગઈ છે.

- હું દેહ નહીં મન, વાણી નહિ, હું તેમનું કારણ નહીં,
  કર્તા ન કારયિતા ન અનુમંતા હું કર્તાનો નહીં.

  **– શ્રી પ્રવચનસાર - ૧૬૦**

- હું બાળવૃદ્ધ યુવાન નહીં, હું તેમનું કારણ નહીં,
  કર્તા ન કારયિતા ન અનુમંતા હું કર્તાનો નહીં.

  **– શ્રી નિયમસાર - ૭૯**

## ઉપસંહાર - બોધ

પરમાત્માનું સ્વરૂપ અને તેથી પોતાનું સાચું સ્વરૂપ ન જાણવાને કારણે આપણે અનાદિથી ચાર ગતિમાં રખડી, અનંત જન્મ-મરણ કર્યા છે અને તેથી અનંત દુઃખ પામ્યા છીએ. હવે આ અમૂલ્ય મનુષ્યભાવ મળ્યો છે તેની એક ક્ષણ પણ વ્યર્થ ન જવા દેવી જોઈએ. તથા નિરંતર સત્સંગની ઉપાસના દ્વારા પરમાત્મસ્વરૂપને ઓળખવાનો સત્પુરુષાર્થ કરવો જોઈએ. પરમાત્માની સાચી ઓળખાણ થશે તો આપણું સત્સ્વરૂપ પણ અનુભવમાં આવશે. કારણ કે

- જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
  લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.

  **– શ્રીમદ્ રાજચંદ્રજી**

- રે આત્મ તારો ! આત્મ તારો !
  શીઘ્ર એને ઓળખો;
  સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો
  આ વચનને હૃદયે લખો.

  **– શ્રીમદ્ રાજચંદ્રજી**

- ઘડી ઘડી પલપલ સદા,
  પ્રભુ સુમિરન કો ચાવ;
  નરભવ સફલો જો કરે,
  દાન, શીલ, તપ, ભાવ.

  **– બૃહદ્ આલોચના**

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

## રત્નકણિકાઓ

- **સુખ હસતાં હસતાં (તન્મય થઈને) ભોગવવામાં આવે તો પાપ વળગી જાય, દુઃખ હસતાં હસતાં ભોગવવામાં આવે તો પાપ સળગી જાય.**
- **સારા બની જવું તે સહેલું છે, સારા બની રહેવું તે અઘરું છે. સારા બની જવું એ પ્રવૃત્તિનું પરિવર્તન છે, જ્યારે સારા બની રહેવું તે વૃત્તિનું પરિવર્તન છે.**

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

(વાચકમિત્રોને ખાસ સૂચન : શ્રી દેવચંદ્રજી ચોવીસીના વિવેચન ઉપરાંત જો આ સ્તવનોનું ભાવપૂર્વક ગાન કરી શકાય તો આપણી પ્રભુભક્તિને વધુ પુષ્ટિ મળે. આ માટે શ્રી ધરમપુર આશ્રમ દ્વારા 'શ્રી દેવચંદ્રજીકૃત ચોવીસી' નામથી એક ઓડિયો CD પ્રકાશિત થઈ છે, જેમાં ચોવીસે ભગવાનના સ્તવનોનું ભક્તિકારોએ ભાવવાહી શૈલીમાં ગાન કર્યું છે. તે એક ઉત્તમ અવલંબન બનશે તેની નોંધ લેવાં વિનંતી.)

## ત્રીજા તીર્થંકર

## શ્રી સંભવનાથ જિન સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** ભક્ત તે છે કે જેણે પોતામાં પણ ભગવદ્પણું જાગી શકે એવી સંભાવના સદ્ગુરુના ઉપદેશ દ્વારા દીઠી છે. અને તે માટેની સાધનામાં તે પ્રભુભક્તિને એક ઉત્તમ સાધન બનાવીને દાસત્વભક્તિથી શરૂ કરી સગુણભક્તિ અને અંતે નિર્ગુણ ભક્તિના સોપાનો ચઢતો જાય છે. ગણિશ્રી દેવચંદ્રજી આવા જ એક તાત્ત્વિક ભક્ત છે. નિરંતર પ્રભુસ્મરણ અને પ્રભુના ગુણસ્મરણમાં રમતા એવા દેવચંદ્રજી પ્રભુભક્તિથી છલકાતા એક એક સ્તવનોની રચના કરતા જાય છે અને એ રીતે પોતાના સમ્યક્ રત્નત્રયને પુષ્ટ કરતા જાય છે. તેમાં હવે ત્રીજા તીર્થંકર ભગવાન શ્રી સંભવનાથની અપૂર્વ ભક્તિ કરતું આ સ્તવન પ્રભુભક્તિમાં રહેલ તેમની નિષ્ઠા, પ્રેમ અને ઉલ્લાસના દર્શન કરાવે છે. આવી ભક્તિ તેમને પ્રભુતામાં પગલાં મંડાવે તેમાં શું આશ્ચર્ય ? પોતાના ઉપાદાનની જાગૃતિમાં પ્રભુ તે પુષ્ટ નિમિત્ત - આવી નિમિત્ત-ઉપાદાનની સંધિનો દોર શ્રી અજિતનાથ સ્તવનની જેમ આ સ્તવનમાં પણ ચાલુ રહેશે. આવી અનેકાંત ભક્તિ જ તેમના સ્તવનને તાત્ત્વિક બનાવે છે. પ્રભુની ભક્તિ થઈ રહી હોય ત્યારે નિમિત્તનું પલ્લું તો થોડું ભારે જ રહેવાનું ! પણ તેમાં ખોટું પણ શું છે ? જ્યારે ઉપાદાન તે નિમિત્તનું અવલંબન લઈ આત્મવિશુદ્ધિ કરી નિજ શુદ્ધ ચૈતન્યસત્તાની અનુભૂતિ તરફ સરકતું હોય ત્યારે ઉપકારવેદનથી તેની વધુ ને વધુ ભક્તિ કર્યા વગર કેમ રહી શકાય ? તો હવે શ્રી દેવચંદ્રજીના ઉપાદનમાં પ્રભુભક્તિરૂપી પુષ્ટ નિમિત્ત કેવું કામ કરે છે તે આ સ્તવનના માધ્યમથી જોઈએ :

**શ્રી સંભવ જિનરાજજી રે,**

**તાહરું અકલ સ્વરૂપ જિનવર પૂજો.**

**સ્વપર-પ્રકાશક દિનમણિ રે, સમતા રસનો ભૂપ; જિન૦**

**પૂજો પૂજો રે ભવિક જન પૂજો, પ્રભુ પૂજ્યા પરમાનંદ.**

**– જિનવર પૂજો૦ ૧**

**શબ્દાર્થ :** હે સંભવ જિનરાજ, તારું સ્વરૂપ અકળ છે. આપ સ્વ-પર પ્રકાશક સૂર્ય સમાન છો તેમજ સમતારસના રાજા છો. તેથી તમને હું પૂજું છું. તેમજ સર્વ ભવિક જનોને પણ કહું છું કે, ''પૂજો, પૂજો, જિનવરને પૂજો.'' પ્રભુને પૂજવાથી પરમાનંદની પ્રાપ્તિ થશે. (અકલ = અકળ, કળી ન શકાય, સમજી ન શકાય તેવું, દિનમણિ = સૂર્ય)

**વિશેષાર્થ :** શ્રી દેવચંદ્રજી તીર્થંકર ભગવાન શ્રી સંભવનાથના સ્વરૂપનું દર્શન કરાવે છે. કહે છે, હે પ્રભુ ! તમે 'જિનરાજ' છો. રાગ-દ્વેષ-મોહને જિતે તે જિન. સર્વ જ્ઞાનીપુરુષોએ આ શત્રુઓ ઉપર જેટલે અંશે જીત મેળવી છે, તેટલે અંશે તે સર્વને 'જિન' કહી શકાય. પરંતુ પ્રભુ તો રાગ-દ્વેષ-મોહ આદિ ઘાતીકર્મોનો સંપૂર્ણ નાશ કરી પૂર્ણ વીતરાગ થયા છે, તેથી તેઓ આ સર્વ જિનોમાં પણ શ્રેષ્ઠ એવા જિનરાજ છે. વળી, હે પ્રભુ, મારા જેવા અલ્પજ્ઞથી તારું સ્વરૂપ કળી ન શકાય એવું અકળ છે - બે કારણથી : (૧) મારું જ્ઞાન તો ક્ષયોપશમ જ્ઞાન અર્થાત્ મર્યાદિત અને

આવરિત જ્ઞાન છે. તેવા અલ્પ જ્ઞાનમાં તારા અનંત ગુણોવાળા, અનંત ઐશ્વર્યવાન અદ્‌ભુત સ્વરૂપનો કઈ રીતે પાર પામી શકાય ? મારી બુદ્ધિ કે અક્કલ પહોંચી ન શકે તેવું 'અકળ' તારું સ્વરૂપ છે. આ બાળબુદ્ધિ જીવ બે હાથ પહોળા કરીને પણ અનંતજ્ઞાનવંત આ મહાસાગરનું માપ કેવી રીતે કાઢી શકે ? (૨) હે પ્રભુ, તારી બીજી અકળતા એ છે કે તારા સ્વરૂપમાં આશ્ચર્યકારક વિરોધાભાસી ગુણો છે તે પણ સમજવા મુશ્કેલ છે. જેમ કે, સ્વ-પર પ્રકાશક સૂર્ય સમાન આપનું કેવળજ્ઞાન લોકાલોકને, સમસ્ત પર-જ્ઞેયને પ્રકાશતું હોવા છતાં આશ્ચર્ય છે કે આપ તો સ્વ-જ્ઞેય એવા નિજાત્મામાં જ સદાય મગ્ન રહો છો. શ્રી દૌલતરામજી 'દર્શન-સ્તુતિ'માં કહે છે તેમ, *"સકલ જ્ઞેય જ્ઞાયક તદપિ નિજાનંદ રસ લીન !"* એક બાજુ ત્રણ લોકનું જાણપણું તો બીજી બાજુ તેનો કોઈ વિકલ્પ નહીં ! એક બાજુ સ્વ-પર પ્રકાશક જ્ઞાયકતા તો બીજી બાજુ તે સર્વ પર જ્ઞેયની ઉપેક્ષા કરતી પરમ શાંતરસમાં લીનતા ! તારું આવું સામાન્ય બુદ્ધિથી કળી ન શકાય તેવું સ્વરૂપ સાનંદાશ્ચર્ય ઊપજાવે છે. (શ્રી આનંદઘનજીએ ૧૦માં શ્રી શીતલનાથ ભગવાનના સ્તવનમાં પ્રભુના આવા જ અકળ વિરોધાભાસી ગુણોનું ગુણગાન કર્યું છે.) વળી, હે પ્રભુ, આપ સર્વજ્ઞતા અને વીતરાગતાના ફળસ્વરૂપે "સમતા રસના ભૂપ" થયા છો — મોહ-ક્ષોભ રહિત છલોછલ સમતારસના ઘૂંટ પીને પરમાનંદનો ભોગવટો કરતા એવા સમ્રાટ, ત્રિલોકના નાથ છો. તેથી જ હું આપની પૂજા કરું છું. જેથી મને પણ તેવા પરમાનંદની પ્રાપ્તિ થાય. આટલેથી જ ન અટકતાં દેવચંદ્રજી અતિ ઉત્સાહમાં આવીને સર્વ શાશ્વત સુખના અભિલાષી એવા ભવિક જનને પણ આહ્‌વાન કરે છે કે "પૂજો, પૂજો, ભવિક જન પૂજો." જેથી તમે પણ પરમાનંદનો આસ્વાદ માણી શકો. ફરી એકવાર ગોપીઓની ભક્તિ યાદ આવે કે તેઓ સર્વ પ્રભુના પ્રેમી જનોને ગ્રાહક થવા પ્રેરણા કરતાં કહે છે કે, "કોઈ માધવ લો, હાંરે કોઈ માધવ લો !" પ્રભુની પૂજા એટલે તેમના ગુણોની પૂજા; જેથી તે ગુણો ધીમે ધીમે આપણામાં આવિર્ભાવ પામી પરમાનંદની પ્રાપ્તિ કરાવે છે. જિનેશ્વરનો વધુ મહિમા ગાતાં દેવચંદ્રજી કહે છે :

**અવિસંવાદી નિમિત્ત છો રે, જગતજંતુ સુખકાજ; જિન૦**
**હેતુ સત્ય બહુમાનથી રે, જિન સેવ્યાં શિવરાજ.**
**— જિનવર પૂજો૦ ૨**

**શબ્દાર્થ :** જગતના જીવોને સુખી કરવામાં હે પ્રભુ, તમે નિશ્ચિતપણે નિમિત્ત છો. જિનવર પ્રભુ જ મારા શાશ્વતસુખમાં સત્ય હેતુ છે, સાચા કારણ છે એવા બહુમાનપૂર્વક જો જિનને સેવીએ તો શિવરાજ અર્થાત્ મોક્ષનું રાજ્ય મળે. (અવિસંવાદી = નિશ્ચિતપણે, અવશ્ય, અવિરોધપણે; જંતુ = જીવ, આત્મા; હેતુ = કારણ; શિવરાજ = મોક્ષરૂપી રાજ્ય)

**ભાવાર્થ :** ત્રિવિધ તાપથી નિરંતર ત્રાહિત એવા જગતના જીવોને સાચા અને શાશ્વત સુખનો માર્ગ બતાવનાર, પરમ વિશ્રામનું ધામ જો કોઈ હોય તો તે અવિસંવાદપણે, અવિરોધપણે, નિશ્ચિતપણે માત્ર જિનેશ્વર ભગવાન અને તેમનો બોધેલો ધર્મ છે. સંસારના ઇન્દ્રિયજનિત કહેવાતા સુખોમાં પણ નિરંતર આકુળતારૂપી દુઃખ જ રહેલું હોવાથી તે કદાપિ અવિસંવાદપણે સુખમાં નિમિત્ત ન બની શકે. તેમ વળી ધર્મ દ્વારા પુણ્યના ફળનું જ પ્રલોભન આપનારા અસદ્‌ગુરુઓ પણ શાશ્વત સુખના માર્ગદર્શક નિમિત્ત ન બની શકે. મારા સુખના સત્ય હેતુ, સાચા કારણ જો કોઈ હોય તો તે એકમાત્ર જિનેન્દ્રદેવ અને તેમના માર્ગને પ્રકાશમાં લાવનાર પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી જેવા સત્પુરુષ છે. સુખ માટેની સાચી દૃષ્ટિ આપતા તેઓ કહે છે : (૧) *"સુખ અંતરમાં છે; તે બહાર શોધવાથી નહીં મળે."* (૨) *"અહો ! જ્ઞાનીઓએ વિપરીત જ સુખનો માર્ગ નિર્ણિત કર્યો કે કિંચિત્‌માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે."*

આમ, મારા શાશ્વત સુખના 'સત્ય હેતુ' એવા જિનેશ્વર પ્રભુ પ્રત્યે અત્યંત બહુમાન લાવ્યા વગર કેમ રહી શકાય ? એવા બહુમાનથી, પરમ ભક્તિથી, જો જિનવરને સેવીએ, તેમની આજ્ઞાનું આરાધન કરીએ તો 'શિવરાજ' — પરમ સુખરૂપ મોક્ષપદની, પરમ શાંતિ અને આનંદના ધામની અવશ્ય પ્રાપ્તિ થાય. "સત્ય હેતુ બહુમાન"નો બીજો અર્થ એમ છે કે કોઈ સાંસારિક સુખની ઇચ્છાથી નહિ પણ મારી 'મુમુક્ષુતારૂપી સત્ય કારણ' આપીને હું બહુમાન કરું છું. પ્રભુરૂપી નિમિત્ત અને પોતાના પુરુષાર્થરૂપી ઉપાદાનમાં કોઈ રીતે એકાંત ન પકડાઈ જાય એ હેતુથી નિમિત્ત-ઉપાદાનની સંધિ કરતાં શ્રી દેવચંદ્રજી હવે કહે છે :

**ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ; જિન૦**
**ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ.**
**— જિનવર પૂજો૦ ૩**

**શબ્દાર્થ :** આપણો આત્મા જ ચોક્કસપણે ઉપાદાન છે અને તેમાં સંભવદેવ પુષ્ટ આલંબન છે. (કાર્યસિદ્ધિમાં) ઉપાદાન મુખ્ય કારણ છે, પરંતુ તેનું પ્રગટીકરણ પ્રભુની સેવનાથી થાય છે. (સહી = જરૂર, ચોક્કસ; પુષ્ટાલંબન = પુષ્ટ, પ્રબળ નિમિત્ત)

**વિશેષાર્થ :** ઉપાદાન-નિમિત્તના પરસ્પર સંબધ તેમજ કારણ-કાર્ય સંબંધની સારી એવી સમજણ દેવચંદ્રજીએ શ્રી અજિતજિન સ્તવનમાં અજ-કેસરીના દૃષ્ટાંત દ્વારા આપી હતી. તેની આ ગાથામાં પુષ્ટિ થશે. એકવાર ફરી ટૂંકમાં revise કરી લઈએ કે ઉપાદાન એટલે તે વસ્તુ કે જેમાં કાર્ય થાય છે અને નિમિત્ત એટલે તે કાર્યમાં પ્રબળ સહાયક અનિવાર્ય પરદ્રવ્ય. કાર્યસિદ્ધિમાં આ બંનેની જરૂર છે - આ જ જિનેશ્વર પ્રરૂપિત અનેકાંતદૃષ્ટિ છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિરૂપ કાર્યમાં ઉપાદાન કારણ તો ખરેખર આત્મા પોતે જ છે, આત્માના પોતાના શુદ્ધભાવ છે. તેથી અહીં કહ્યું કે **"ઉપાદાન આતમ સહી."** પણ આ કાર્યમાં **"પુષ્ટાલંબન દેવ"** - સંભવદેવ આદિ તીર્થંકરદેવ અને તેમનો પ્રરૂપિત ધર્મ પુષ્ટ આલંબન છે. હવે કાર્ય જો ઉપાદાનમાં જ થતું હોય તો નિમિત્તના અવલંબનની શું જરૂર એવો જો કોઈ તર્ક કરે તો તેનું સમાધાન એમ છે કે જો માત્ર ઉપાદાનથી જ કાર્ય થતું હોય તો અનાદિકાળથી અત્યાર સુધી મારામાં આત્મજ્ઞાનરૂપી કાર્ય કેમ ન થયું ? સત્ દેવ - સદ્‌ગુરુ અને સત્‌ધર્મના અવલંબન વિના કોઈ મોક્ષમાર્ગમાં પ્રવેશ ન કરી શકે. આ તથ્યને સત્પુરુષોના બે વચનામૃતો દ્વારા પ્રમાણભૂત કરીએ : (૧) ભગવાન મહાવીરે કહ્યું છે કે, *"ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા."* (જુઓ - વચનામૃત પત્રાંક - ૧૯૪) (૨) પત્રાંક - ૨૦૦/૧૧માં પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ફરમાવે છે કે, *"અનંતકાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તો પણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે."* અહીં દેવચંદ્રજી આગળ કહે છે : **"ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ."** - અર્થાત્ કાર્યસિદ્ધિમાં ઉપાદાન જ મુખ્ય કારણ છે, પરંતુ અનાદિકાળથી જે ઉપાદાન મોહનિદ્રામાં હતું તેને પ્રગટ કરવામાં, જાગૃત કરવામાં પ્રભુસેવના રૂપી પુષ્ટ અવલંબન અનિવાર્ય છે. અને પ્રભુસેવના એટલે પ્રભુની, પ્રભુના ગુણોની ભાવપૂર્વક પૂજા, અર્ચના; તેમના ક્ષમા, સમતા, ઇન્દ્રિયજય, પરમશાંત જ્ઞાનાનંદમય દશા આદિ ગુણોનું વારંવાર સ્મરણ, ચિંતન, મનન, ઘોલન; તેમના બોધનું અને તેમની આજ્ઞાનું એકનિષ્ઠાથી પાલન. સંભવનાથ જેવા પ્રભુની ભક્તિ, પૂજા, આજ્ઞા-આરાધનારૂપી સેવના - આ ઉત્તમ નિમિત્તથી સાધકના ઉપાદાનમાં રાગ-દ્વેષ-મોહ ઘટે છે, અંતર્મુખી પુરુષાર્થ ઉપડે છે, વૃત્તિ પરમાંથી હટીને સ્વસન્મુખ થાય છે અને અંતર્મુખતાના સતત અભ્યાસથી સ્વરૂપમાં સ્થિર થવાય છે. આ જ તો નિમિત્તની વિશિષ્ટતા છે કે પોતે ઉદાસીન રહીને ઉપાદાનમાં કાર્યસિદ્ધિ

નીપજાવવામાં બળ પૂરું પાડે છે.

ભક્તિમાર્ગમાં નિમિત્તની તો મુખ્યતા રહેવાની જ પરંતુ તેમાં પણ જાગૃત રહેવું જરૂરી કે જો એવો એકાંત પકડાય કે સદ્ગુરુના આશીર્વાદ માત્રથી મારો મોક્ષ થશે તો પણ જીવ ભ્રાંતિમાં જ રહેશે. નિમિત્તનો નિષેધ પણ નથી કરવાનો અને નિમિત્તને જ કર્તા માનવાની ભૂલ નથી કરવાની. માત્ર તેનું ભાવપૂર્વક, નિષ્ઠાપૂર્વક અવલંબન લઈ પોતાના આત્માને, ઉપાદાનને શુદ્ધતા તરફ આગળ વધારવાનું છે. પછી તો જેમ જેમ સત્પાત્રતા વધતી જાય તેમ તેમ નિમિત્તનું અવલંબન ઘટતું જાય અને છેવટે સાવ છૂટીને આત્મસ્વરૂપમાં લીન થવાય. પણ જ્યાં સુધી સાધ્ય સુધી પહોંચ્યા નથી અને સાધનામાર્ગમાં છીએ ત્યાં સુધી પ્રભુભક્તિ, પ્રભુનો ઉપદેશ, ગુરુઆજ્ઞા, ગુરુગમ સહિતનું તત્ત્વજ્ઞાન આદિ પુષ્ટ અવલંબન અનિવાર્ય છે, એમાં કોઈ શંકાને સ્થાન નથી. પ્રભુરૂપી નિમિત્ત કારણથી મારામાં કેવું સુંદર કાર્ય થાય છે, તે સુંદર કારણ-કાર્ય સંબંધ હવે રજૂ કરતાં શ્રી દેવચંદ્રજી કહે છે :

**કાર્ય ગુણ કારણપણે રે, કારણ કાર્ય અનુપ; જિન૦**
**સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધનરૂપ.**
**- જિન. પૂજો૦ ૪**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! તારામાં થયેલ ગુણ-ઉત્પત્તિરૂપ કાર્ય હવે મારામાં અનુપમ કાર્ય થવામાં કારણ બને છે. તારી સર્વ સિદ્ધિઓ મારા માટે સાધનરૂપ બની ગઈ છે. (કાર્ય ગુણ = પ્રભુમાં ગુણો પ્રગટ્યા તે કાર્ય; સિદ્ધતા = સિદ્ધિ, કાર્યસિદ્ધિ)

**વિશેષાર્થ :** પૂર્ણ વીતરાગી થતાં જ પ્રભુમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ આદિ અનેક શુદ્ધ ગુણો પ્રગટવારૂપ કાર્ય થયું. ગુણ પ્રાગટ્યરૂપ આ કાર્યને અહીં દેવચંદ્રજી 'કાર્ય-ગુણ' કહે છે, જે કાર્ય નિષ્પન્ન થતાં પ્રભુ તો કૃતકૃત્ય થઈ ગયા. પછી તો તેમના માટે કાર્ય-કારણ જેવું કઈ રહેતું નથી. પરંતુ તેમનું આ કાર્ય, તેમની આ દશા, સાધકમાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અનુપમ કાર્ય નીપજાવવામાં ઉત્તમ કારણ બની રહે છે. તેથી કહે છે : **"કાર્ય ગુણ કારણપણે રે, કારણ કાર્ય અનુપ."** પ્રભુની વીતરાગતા સાધકને વીતરાગી થવા પ્રેરે છે; પ્રભુની શાંત મુદ્રા તેના કષાયોને શાંત કરી ઉપશાંત રસનું પાન કરાવે છે; પ્રભુની પ્રભુતાનું દર્શન કરતાં સાધકને પોતાની પામરતાનું ભાન થાય છે, દોષ-દર્શન થાય છે અને અહંકાર વિલીન થતો જાય છે. આમ, પ્રભુનું કાર્ય તે જ સાધક માટે કારણ બની સાધકમાં 'અનુપ' કાર્ય નીપજાવે છે. એટલું જ નહીં, સાધકમાં જે સમ્યક્રત્નત્રયની પ્રાપ્તિરૂપ કાર્ય થાય છે તે જ રત્નત્રય હવે કારણ બની મોક્ષમાર્ગના આગળના ગુણસ્થાનો સર કરાવે છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક ૭૫૧માં કહે છે તેમ : *"પહેલું સમકિત બીજા સમકિતનું કારણ છે. બીજું સમક્તિ ત્રીજા સમકિતનું કારણ છે."* પ્રભુનું કાર્ય મારા માટે કારણ - આ વાતને વધુ સ્પષ્ટ કરતાં શ્રી દેવચંદ્રજી કહે છે : **"સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધનરૂપ."** પ્રભુએ વીતરાગતા, સર્વજ્ઞતા, પરમ સામ્યભાવ, અનંત ચતુષ્ટય આદિ જે કંઈ સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે સર્વ મારા માટે તો મોક્ષરૂપી સાધ્યનું સાધન બની ગઈ છે. આ જીવે *"બીજા સાધન બહુ કર્યા, કરી કલ્પના આપ,"* પણ તેથી કંઈ વળ્યું નહીં. જો પ્રભુના ગુણોનું સ્મરણ, મનન, ચિંતન કરી તે જ ગુણોને (સાધન બનાવી) આંશિકપણે પ્રગટાવવાની સાધના કરે તો અવશ્ય કાળાંતરે તે પ્રભુ જેવો થાય, જે તેનું સાધ્ય છે. પ્રભુ આ ઘોર સંસારવનમાંથી બહાર નીકળી મોક્ષમાર્ગની જે કેડી કંડારી ગયા છે, તે જ કેડીને સાધન બનાવી, ભોમિયો બનાવી તેના પર એકેક ડગ માંડતાં મોક્ષરૂપી ગંતવ્ય સ્થાને સરળતાથી પહોંચી જવાય છે. પ્રભુની સિદ્ધિઓને, તેમના ચરિત્રપ્રસંગોને યાદ કરી તેને જ સાધન બનાવીએ એ જ તો છે પ્રભુભક્તિ ! આવા પ્રબળ અવલંબનનો વધુ મહિમા શ્રી દેવચંદ્રજી આગળની ગાથાઓમાં ગાશે તે યથાવસરે જોઈશું. **(ક્રમશઃ)**

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)
## (ક્રમાંક - ૭)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

★ **અચૌર્યાણુવ્રતના અતિચાર :-** જેના સેવનથી અચૌર્યાણુવ્રતનો એકદેશભંગ થઈ જાય છે એવા પાંચ અતિચાર આ વ્રતના કહ્યાં છે.

**"स्तेनप्रयोगतदाहृतादानविरुद्धराज्यतिक्रम-हीनाधिकमानोन्मान-प्रतिरुपकव्यवहारा:"** અર્થાત્ સ્તેનપ્રયોગ, તદાહૃતાદાન અર્થાત્ સ્તેનહૃતાદાન, વિરુદ્ધ રાજ્યાતિક્રમ, હીનાધિકમાનોન્માન તથા પ્રતિરૂપક વ્યવહાર આ પાંચ અચૌર્યાણુવ્રતના અતિચાર છે.

(૧) **સ્તેનપ્રયોગ :-** ચોરને ચોરીની પ્રેરણા કરવી તથા ચોરીના નવા-નવા ઉપાય બતાવવા તે સ્તેનપ્રયોગ છે. આ તો અનુમોદનારૂપ પ્રત્યક્ષ ચોરી જ છે.

(૨) **સ્તેનહૃતાદાન :-** ચોર દ્વારા ચોરી કરેલ વસ્તુ ઓછી કિંમતમાં મળી જશે એવા લોભથી ખરીદવી તેને સ્તેનહૃતાદાન કહે છે. ચોરીની વસ્તુ ખરીદવાથી તેમના વ્યવસાયને પોષણ મળે છે, જે ચોરીનું જ પોષણ છે.

(૩) **વિરુદ્ધરાજ્યાતિક્રમ :-** રાજકીય નિયમોના વિરુદ્ધ ચાલવું તે વિરુદ્ધરાજ્યાતિક્રમ છે. કર ન આપવો કે ઓછો ભરવો, રાજકીય વસ્તુઓનો પોતાના માટે ઉપયોગ કરવો, જે સુવિધાઓ સરકારે માત્ર તે પદ પર બેઠેલ વ્યક્તિવિશેષને જ આપી હોય તેનો ઉપયોગ પોતાના પરિવાર, કુટુંબીઓ, સગા-સબંધીઓ આદિ માટે કરવો ઈત્યાદિ વિરુદ્ધ રાજ્યાતિક્રમના ઉદાહરણ છે. એવું કરવાથી સંપૂર્ણ દેશના લોકોની ચોરીનો દોષ લાગે છે કારણ કે જો વસ્તુ એક વ્યક્તિની હોય તો માત્ર એક વ્યક્તિને જ પીડા થાય છે તેથી દોષ એક વ્યક્તિનો જ લાગે છે, પરંતુ રાષ્ટ્રીય સંપત્તિ પર સંપૂર્ણ દેશના નાગરિકોનું સ્વામિત્વ હોય છે તેથી ચોરીનો દોષ પણ બધા પ્રત્યે લાગે છે. તેથી વિરુદ્ધરાજ્યાતિક્રમ મહાચોરી કહેવાય છે.

(૪) **હીનાધિકમાનોન્માન :-** માપવાના સાધનોને માન કહે છે તથા તોલવાના ઉપકરણોને ઉન્માન કહે છે. આ બન્નેના સંબંધમાં વસ્તુઓ આપતા સમયે ઓછી માત્રા તથા વજનવાળા ઉપકરણ રાખવા તથા લેતી વખતે વસ્તુની વધારે માત્રા તથા વજનમાં લે તેવા ઉપકરણ રાખવા હીનાધિકમાનોન્માન કહેવાય છે. આ કપટપૂર્વક કરેલ ચોરી છે તેથી આ અધિક દોષયુક્ત છે.

(૫) **પ્રતિરૂપક વ્યવહાર :-** બહુમૂલ્ય વસ્તુમાં તેના જેવી જ દેખાતી કે તેમાં વિલીન થઈ જનારી અલ્પમૂલ્યવાળી વસ્તુને ભેળવીને બહુમૂલ્ય વસ્તુના ભાવે વેચવું, તેને પ્રતિરૂપક વ્યવહાર કહે છે. જેમકે દૂધમાં પાણી નાંખવું, સોનામાં પિત્તળ કે તાંબુ ભેળવવું ઈત્યાદિ. આને ગુપ્ત ચોરી કહે છે, જેથી અચૌર્યાણુવ્રતનો ભંગ થાય છે.

**(૫) બ્રહ્મચર્યાણુવ્રત કે સ્વદારાસંતોષવ્રત :**

★ **સ્વરૂપ :- "હું મારી પત્ની કે પતિ સિવાય અન્ય કોઈ પણ સાથે કામસંબંધ નહીં રાખું"** આ પ્રકારના સંકલ્પને બ્રહ્મચર્યાણુવ્રત કહે છે. સામાજિક અથવા રાજકીયરૂપે સ્વીકૃત પોતાની પત્ની કે પતિ

સિવાય અન્ય કોઇ પણ સ્ત્રી કે પુરુષ સાથે કામસંબંધ ન રાખવો તેને બ્રહ્મચર્યાણુવ્રત કે સ્વ-દારા સંતોષવ્રત કહે છે. મન, વચન, કાય ત્રણેય થી પરસ્ત્રી કે પરપુરુષનો ત્યાગ કરવો એવો તેનો આશય છે.

કાય તથા વચનથી પરસ્ત્રી કે પરપુરુષનો ત્યાગ કરવો અપેક્ષાકૃત સરળ છે, પરંતુ મનથી ત્યાગ કરવો અતિદુષ્કર છે. કારણ કે સામાન્યરૂપે સામાન્ય મનુષ્યને સ્ત્રી કે પુરુષના સૌંદર્યને જોઇને કામ- વિકાર જાગી જ જાય છે. કારણ કે પ્રત્યેક સ્ત્રી-પુરુષને વેદ કષાયનો ઉદય તો સદાય રહે જ છે. નિમિત્ત વિના કદાચિત તે મંદ પડી જાય છે, પરંતુ નિમિત્ત મળતા જ તીવ્રતાથી વિકાર જાગવા લાગે છે. તો પછી એક શ્રાવક કે જે સમાજમાં આ બધા નિમિત્તો વચ્ચે જ રહે છે, તે આ માનસિક અબ્રહ્મથી કેવી રીતે બચી શકે ? આ વાતની ગહન વિચારણા કરી આપણને બ્રહ્મવિદ મહાપુરુષોએ તેનો અત્યંત સરળ સુગમ ઉપાય બતાવ્યો છે. જે એ છે કે શ્રાવકો જે આખો દિવસ વિપરીત નિમિત્તોમાં રહે છે અને તેનો ત્યાગ કરવાની પણ તેનામાં ક્ષમતા નથી તો તેણે અન્ય સ્ત્રી-પુરુષોને જોવાની દૃષ્ટિ બદલી દેવી જોઇએ. અર્થાત્ પર-સ્ત્રી કે પર પુરુષને સ્ત્રી કે પુરુષના રૂપમાં ન જોતાં, દીકરી, બહેન, માતા કે દીકરો, ભાઇ, પિતા વગેરે પવિત્ર સંબંધોના રૂપે જોવા જોઇએ. કારણ કે કોઇ પણ પુરુષને પોતાની દીકરી, બહેન કે માતાના સૌંદર્યને જોઇને કામ-ભાવ જાગતા નથી. આ રીતે કોઇપણ સ્ત્રીને પોતાના દીકરા, ભાઇ તથા પિતાને જોઇને કામભાવ થઇ શકે નહીં. માત્ર સ્ત્રી કે પુરુષરૂપ અંદરની જે માન્યતા છે ત્યાં સુધી કામભાવ પેદા થવાની પૂર્ણ સંભાવના છે, પણ તે જ પુરુષ કે સ્ત્રી, પુત્ર, ભાઇ, પિતા કે દીકરી, બહેન, માતાના રૂપમાં અંદરથી સ્વીકાર કરી લે તો પછી ભલે તે ગમે તેટલા સુંદર કેમ ન હો તો પણ કામભાવ પેદા થવાની સંભાવના નહિવત્ રહે છે. બ્રહ્મચર્યાણુવ્રતનું નિરતિચારરૂપે પાલન કરવા માટે આ દૃષ્ટિ અત્યંત સરળ, સુગમ અને નિશ્ચયથી પ્રભાવકારી છે. સ્ત્રી કે પુરુષનું શરીર દુર્ગન્ધયુક્ત, ઘૃણા કરવા યોગ્ય અથવા લાકડાની ઢીંગલી સમાન છે અથવા પૌદ્ગલિક રચના માત્ર છે અને તે જ્ઞેય માત્ર છે, હું તેનો જ્ઞાતા છું. આ પ્રકારના આધ્યાત્મિક તત્ત્વવિચાર શ્રાવકની ભૂમિકામાં હીનચારિત્રશક્તિ યુક્ત હોવાને કારણે કદાચિત્ અકાર્યકારી સિદ્ધ થઇ શકે છે અને આ વિચાર માત્ર વિચાર સુધી જ સીમિત રહી જાય છે. અબ્રહ્મના ભાવોને રોકવામાં સમર્થ નથી થતા અને સાધક એ ભ્રમમાં રહી જાય છે કે હું તો ભેદજ્ઞાન કરું છું, પરંતુ ભેદજ્ઞાનનું ફળ તો પરિણામોમાં સુધાર થવો તે છે તે તો નથી થતું. માટે આ પ્રયોગને યોગ્ય હજુ આ સાધકની યોગ્યતા નથી એવું સમજવું જોઇએ તથા પૂર્વમાં જે પ્રયોગ બતાવ્યો તેનું સેવન કરવું જોઇએ, જે નિશ્ચયથી ફળદાયી થશે એવો બ્રહ્મનિષ્ઠ મહાત્માઓનો અભિમત છે.

બ્રહ્મચર્યાણુવ્રતને નિરતિચારરૂપથી પાલન કરવાનો બીજો સુગમ ઉપાય એ છે કે પોતાની પત્ની કે પતિથી સાચો, અંતરંગ પ્રેમ કરવો. એક બીજા વચ્ચે સાચો પ્રેમ તથા વિશ્વાસ હોય તો દૃષ્ટિ અન્ય તરફ જતી નથી. જ્યારે એકબીજા વચ્ચે મનભેદ, મતભેદ, તનાવ આદિ ચાલતાં હોય ત્યારે જ વ્યક્તિ અન્ય જગ્યાએથી પોતાની અભિલાષાઓની પૂર્તિ કરવાનો પ્રયત્ન કરે છે. જ્યારે તે પ્રેમ તેને પોતાની પત્ની કે પતિથી મળી જાય છે તો અન્ય તરફ દૃષ્ટિ કેમ જાય ? અને સાચો પ્રેમ દૈહિક વાસનાઓને ઓછો કરી દે છે. તેથી **"કામના શમનનો ઉત્તમ ઉપાય પવિત્ર પ્રેમ છે."**

એ સિવાય પણ આગમમાં બ્રહ્મચર્યવ્રતમાં સ્થિર રહેવા માટે પાંચ ભાવનાઓ કહી છે, જેનું સંપૂર્ણ આરાધન તો મુનિદશામાં જ સંભવ છે પરંતુ

વ્રતી શ્રાવક પણ પોતાની શક્તિ અનુસાર તેનું આરાધન કરે એવી આજ્ઞા કરી છે.

★ **બ્રહ્મચર્યવ્રતની ભાવનાઓ :-**

**"स्त्रीरागकथाश्रवणतन्मनोहराङ्गनिरीक्षण-पूर्वरतानुस्मरणवृष्येष्टरसस्वशरीरसंस्कार त्यागाः पञ्च"** અર્થાત્ સ્ત્રીરાગકથાશ્રવણત્યાગ, તન્મનોહરાંગ-નિરીક્ષણત્યાગ, પૂર્વરતાનુસ્મરણનોત્યાગ, વૃષ્યઈષ્ટરસનોત્યાગ તથા પોતાના શરીરના સંસ્કારનો ત્યાગ આ પાંચ બ્રહ્મચર્યવ્રતની ભાવનાઓ છે.

(૧) **સ્ત્રીરાગકથાશ્રવણત્યાગ :-** સ્ત્રીઓમાં રાગ વધારનારી કથાઓ, શૃંગારપ્રધાન ગીત, કવિતાઓ આદિ સાંભળવાનો ત્યાગ કરવો તે સ્ત્રીરાગકથાશ્રવણત્યાગ ભાવના છે. આ બધાથી કામવિકારોને ઉત્તેજન મળવાથી બ્રહ્મચર્યનો ભંગ થવાની સંભાવનાને જોઇને ત્યાગ કરવા કહ્યુ છે.

(૨) **તન્મનોહરાંગનિરીક્ષણત્યાગ :-** જેને રાગપૂર્વક એકાગ્ર થઇને જોવાથી કામવિકાર ઉત્પન્ન થાય એવા મનને લલચાવનારા અંગોનું નિરીક્ષણ કરવાનો ત્યાગ કરવો તે તન્મનોહરાઙ્ગ-નિરીક્ષણત્યાગ ભાવના છે. અહીં 'તન્' સર્વનામ શબ્દ વિશેષરૂપથી સ્ત્રીઓ માટે છે તથા ગૌણરૂપથી સ્ત્રીઓના વ્રતમાં પુરુષોના અંગો વિષે પણ સમજી લેવો.

(૩) **પૂર્વરતાનુસ્મરણત્યાગ :-** પૂર્વમાં જે કામભોગ ભોગવ્યા હતા તેનું માનસિક ચિંતન તથા વારંવાર સ્મરણ કરવાનો ત્યાગ કરવો તે પૂર્વરતાનુસ્મરણત્યાગભાવના છે. તેનો પ્રથમ ઉપાય તો એ છે કે વ્રત લેતા સમયે સંકલ્પભાવના જેટલી ઊંડી સમજવાળી, વૈરાગ્યપૂર્ણ તથા તીવ્રતાવાળી હોય તેટલા તાત્કાલિક સત્તામાં પૂર્વ સંસ્કારોની ઉદીરણા થઇને તેનો નાશ થઇ જાય છે; માટે તીવ્રત્યાગ ભાવનાથી સંકલ્પ કરવો જોઇએ, તો પણ પૂર્વ સંસ્કારો શેષ રહેતા સ્મરણમાં આવી જાય તો કામભોગોની અસારતા, ભયાનકતા આદિનો વિચાર કરીને તેને તરત જ ઉપશમિત કરી શકાય છે. તે સિવાય પણ જેની સાથે ભોગ ભોગવ્યા હોય તે નિમિત્તનો અપરિચય કરવો અથવા તેને જોવાની દૃષ્ટિ બદલી દેવી તે તેનો સર્વોત્તમ અને સુગમ ઉપાય છે.

(૪) **વૃષ્યેષ્ટરસત્યાગ :-** વૃષ્ય નો અર્થ ગરિષ્ઠ થાય છે તથા ઈષ્ટનો અર્થ પ્રિય થાય છે. અર્થાત્ જે ગરિષ્ઠ તથા પ્રિય હોય એવા કામવર્ધક રસોનો ત્યાગ કરવો તે વૃષ્યેષ્ટરસત્યાગ ભાવના છે. ઘી, દૂધ, તેલ આદિ ગરિષ્ઠ રસ કહેવાય છે તથા ખાંડ, મીઠું, મરચું આદિ ઈષ્ટરસ માનવામાં આવે છે તેનો યથાસંભવ ત્યાગ કરવો તે વૃષ્યેષ્ટ રસત્યાગ ભાવના છે. ઉપરોક્ત રસ કામવિકારોને ઉદ્દીપ્ત કરે છે. આ કારણે તેના ત્યાગની ભાવનાનું વિધાન કહ્યું છે.

(૫) **સ્વશરીરસંસ્કારત્યાગ :-** સુગંધી વિલેપન, અત્તર છાંટવું, સુંદરતા માટે બનાવટી સૌંદર્ય પ્રસાધનોનો શરીર પર પ્રયોગ કરવો આદિ પોતાના શરીર સંબંધી સંસ્કારોનો ત્યાગ કરવો તે સ્વશરીર સંસ્કાર ત્યાગ ભાવના છે. મુનિ માટે તો સ્નાન કરવાનો પણ નિષેધ કરેલ છે. શરીર ઉપર સૌંદર્ય સંસ્કાર કરવાથી કામભાવ ઉદ્દિપ્ત થાય છે તથા પોતાના સૌંદર્યથી અન્યમાં પણ વિકારોની ઉત્પત્તિ થવામાં આપણે નિમિત્ત બનીએ છીએ. માટે વ્રતી શ્રાવકે અત્યંત સાદગીપૂર્ણ તથા નૈસર્ગિક રહેવું જોઇએ.

(ક્રમશઃ)

• • •

# શ્રી ભક્તામર સ્તોત્ર
**(ક્રમાંક - ૩૦)**

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## તીર્થંકર પ્રભુનો વિશિષ્ટ અતિશય-વિહાર

● **મૂળ શ્લોક** : (વસંતતિલકા)

**उन्निद्र हेमनव पंकज पुंज कान्ति -**
**पर्युल्लसन्नख मयूख शिखाभिरामौ ।**
**पादौ पदानि तव यत्र जिनेन्द्र ! धत्तः,**
**पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥३६॥**

● **શબ્દાર્થ** : उन्निद्र - વિકસ્વર (વિકસિત, ખીલેલા) એવા, हेम - સુવર્ણના, नव - નવીન, पंकज (पङ्कज) - કમળોના, पुंज - સમૂહની, कान्ति - કાંતિ, તેજ (જેવા), पर्युल्लसत् - ઝળહળતા, नख - નખોના, मयूख - કિરણોના, शिखा - અગ્રભાગથી, अभिराम - મનોહર (એવા), पादौ - બે પગ, ચરણયુગ્મ, पदानि - પગલાં, तव - તમારા, यत्र - જ્યાં, जिनेन्द्र ! - (હે) જિનેશ્વર!, धत्तः - (પગલાં) રાખે છે, મૂકે છે, पद्मानि - (સુવર્ણના) કમળોને, तत्र - ત્યાં, विबुधाः - દેવો, परिकल्पयन्ति - રચે છે.

● **સમશ્લોકી અનુવાદ** : (મંદાક્રાંતા)

**સોના જેવાં નવીન કમળો રૂપ શોભા ધરી છે,**
**એવી જેના નખસમૂહની કાંતિ શોભી રહી છે;**
**જ્યાં જ્યાં વિશ્વે પ્રભુજી ! પગલાં આપ કેરા ઠરે છે,**
**ત્યાં ત્યાં દેવો કમળદળની સ્થાપનાને કરે છે. (૩૬)**

● **ભાવાર્થ** : હે જિનેશ્વર ! ખીલેલા (વિકસ્વર એવા) સુવર્ણના નવીન કમળોના સમૂહની કાંતિ જેવા, ચારે બાજુ ઝળહળતા નખોના કિરણોના પ્રકાશ (અગ્રભાગ)થી મનોહર, તમારા ચરણો (બે પગો) જ્યાં જ્યાં પગલાં મૂકે છે, ત્યાં ત્યાં દેવો સુવર્ણના (નવ) કમળો રચે છે.

● **વિશેષાર્થ / પરમાર્થ** : આગળના ૯ શ્લોક (૨૭-૩૫) અને આ શ્લોક (૩૬) એમ ૧૦ શ્લોકમાં તીર્થંકર પ્રભુને પ્રગટતો ઉત્તમ આંતર-બાહ્ય વૈભવ માનતુંગાચાર્ય દર્શાવે છે. સાથે સાથે પ્રભુનું અનન્યપણું અને સર્વોત્કૃષ્ટપણું લક્ષિત થાય છે. તીર્થંકર નામ-કર્મના ઉદયથી જિનેશ્વર પ્રભુ ૩૪ પ્રકારના અતિશય અને ૩૫ પ્રકારની સત્યવચન વાણી સહિત હોય છે. પ્રભુજીને પ્રગટતા ૩૪ અતિશયમાંથી ૧૦ અતિશય અહીં આચાર્યશ્રીએ લીધા છે. આમાં પહેલાં પાંચ અતિશયો પ્રભુના પ્રબળ શાતાવેદનીયનો ઉદય સૂચવે છે, અને બીજા પાંચ અતિશયો પ્રભુના વિશ્વવાત્સલ્ય તથા હિતોપદેશક્તાથી જીવોને વિશેષ કલ્યાણકારી થાય છે. પ્રભુની આસપાસ અશુભ આવી શકતું નથી (શ્લોક - ૨૭), તે દર્શાવ્યા બાદ માનતુંગાચાર્યે જિનેશ્વરદેવની દેશના સમયના આઠ ચિત્રો (પ્રાતિહાર્યો - અતિશયો) અત્યંત ભાવપૂર્વક અને અદ્‌ભુત કલાત્મક ઉપમાઓથી રજૂ કર્યા (શ્લોક ૨૮-૩૫). અશોકવૃક્ષ, જિનેશ્વર પ્રભુના સામિપ્યથી જીવો શોકરહિત બને છે તેમ સૂચવે છે (૨૮). સુવર્ણરત્ન સિંહાસન પર પ્રભુજીને બિરાજેલા જોઈને જીવોના મન-મયૂર નાચી ઉઠે છે (૨૯). ચામર-વીંઝણા ભાવની શુદ્ધતા, પવિત્રતા અને નમ્રતા સૂચવે છે (૩૦). ત્રણ છત્રો (છત્રાતિછત્ર) પ્રભુનું ત્રિલોકીપણું સૂચવે છે (૩૧). દેવદુંદુભિ લોકોને પ્રભુની દેશનાના ઉદ્‌ગમકાળની જાણ કરીને જીવોને ભાવ(મોહ) નિદ્રામાંથી જગાડે છે (૩૨). અચેત દિવ્યપુષ્પવૃષ્ટિથી દેશનાના સ્થળની જાણ થાય છે, અને જીવો હળુકર્મી બને છે (૩૩). આભા(પ્રભા) મંડળ જીવોને મોક્ષમાર્ગે પ્રેરે છે તથા આભાના દર્શનથી (સુપાત્ર ભવી જીવોને) પૂર્વજન્મનું જ્ઞાન થાય છે અને વૈરાગ્ય વધે છે.(૩૪).

સાક્ષાત્ અમૃતસરખી દિવ્યધ્વનિ રૂપ દેશનાથી જીવોનું આંતર પરિવર્તન થાય છે ને ભવી જીવોને અજરામર પદ આપે છે (૩૫). પ્રસ્તુત શ્લોક (૩૬)માં સુવર્ણકમળની રચના જોતાં પ્રભુના ઉત્કૃષ્ટ વૈરાગ્ય અને અહિંસાપાલનની પ્રતીતિ આવે છે. આ ઉપકારોના કારણે આ બધા અતિશયોનો પરિચય - મનન કરવા યોગ્ય છે.

હવે પછીના શ્લોક - ૩૭માં પ્રભુની દેશના વખતનો વૈભવ, શ્લોક ૩૮-૪૬માં માનતુંગાચાર્યે પ્રભુસ્મરણનો અદ્‌ભુત મહિમા ઉત્તમ ઉદાહરણો સાથે વર્ણવેલ છે. શ્લોક - ૪૭માં આગળના ૯ શ્લોકનો સાર તથા અંતમંગલ રૂપ શ્લોક - ૪૮માં આશીર્વચન સાથે ભક્તામર સ્તોત્રની ભાવપૂર્વક સ્તુતિ અનુપમ ફલશ્રુતિ દર્શાવે છે.

તીર્થ પ્રવર્તાવ્યા પછી તીર્થંકર ભગવંત જ્યારે જ્યારે વિહાર કરે છે ત્યારે ત્યારે તેઓ જમીનથી અદ્ધર ચાલે છે, તેમના ચરણ જમીનને અડકતા નથી, અને એ દ્વારા પ્રભુજી પૃથ્વીકાય આદિ એકેંદ્રિય જીવોનું રક્ષણ કરે છે. આવી સૂક્ષ્મ અહિંસાનું પાલન જિનેન્દ્રદેવ કરે છે અને આ પાલનથી પ્રભાવિત થઈ, જગતના જીવોને તેની જાણ કરવાના શુભ આશયથી દેવો પ્રભુજીના પ્રત્યેક પગલે સુવર્ણકમળની રચના કરતા આવે છે. જે પગ આગળ આવે તે પગ નીચે કમળ રચાય અને જ્યાંથી પગ ઉપડે ત્યાંનું કમળ વિલીન થાય. એટલે જોનારને તો એમ જ લાગે કે પ્રભુજી સોનાના કમળો પર જ ચાલે છે.

જિજ્ઞાસુ સુજ્ઞ વાંચકોની જાણ માટે, નાસિકથી ૧૫ કિ.મી. દૂર વિલ્હોલીમાં આવેલ, 'ધર્મચક્ર પ્રભાવ તીર્થ' (+91-253-2336041)ના મંદિરમાં ભોંયતળિયે ભગવાન મહાવીરની પૂરાકદની વિહાર કરતી સુવર્ણમય મૂર્તિ તથા આગળ પાછળ સુવર્ણ કમળો વિકુરતા (રચતા) દેવોનું દૃશ્ય ભવ્યાતિભવ્ય, ભાવવાહી અને અત્યંત સજીવન લાગવા સાથે પવિત્ર સ્પંદનો સ્ફૂરાવે છે. ભારતભરમાં આવું બીજે ક્યાંય હોવાનું આપણી જાણમાં નથી.

શ્રી જિનેશ્વર દેવ વિહાર કરવા માટે આ બે પગ વડે જ્યાં જ્યાં પગલાં માંડે છે ત્યાં ત્યાં દેવો સુવર્ણના કમળો રચે છે અને ભગવાન તેના પર પગલાં માંડતા ચાલ્યા જાય છે. આવા કમળો ૯ (આમ્નાયભેદે ૨૨૫) હોય છે, અને તે ક્રમશઃ આગળ મૂકાતા જાય છે. આવી ક્રિયા ભગવાન ગંતવ્ય સ્થાને પહોંચે ત્યાં સુધી ચાલે છે. તીર્થંકરના ૩૪ અતિશયો પૈકી આ એક દેવકૃત અતિશય છે.

અહિંસાપાલનમાં ઉત્તમ અને સુવર્ણકમળ પર ઠરતા (દેખાતા) પ્રભુચરણો કેવા છે તે આ શ્લોકની પ્રથમ બે પંક્તિઓમાં માનતુંગાચાર્યે જણાવ્યું છે. પ્રભુના ચરણોના દશેય નખમાંથી સુવર્ણના નવા ખીલેલા કમળના સમૂહની કાંતિ જેવા કિરણો દશેય દિશામાં ફેલાઈને મનોહર લાગે છે અને તે દ્વારા તેજસ્વી થયેલા તેમના ચરણો દેવોને એટલા પૂજ્ય લાગે છે કે તેઓ ભક્તિ દર્શાવવા સુવર્ણ-કમળોની રચના પ્રત્યેક પગલે કરે છે. અહિંસાપાલનની ઉત્કૃષ્ટતાથી અને આત્માની અત્યંત પવિત્રતાને કારણે પ્રભુજીના ચરણોમાં આવી કાંતિ ઉત્પન્ન થયેલી હોય છે.

આ અતિશયમાં જૈન ધર્મના પાયારૂપ અહિંસા ધર્મનું સુંદર ઉપમાથી સ્વરૂપ કહ્યું છે. પ્રભુના કોમળ ચરણોને કઠોર ભૂમિનો સ્પર્શ ન થાય તે માટે પ્રભુના પગલે પગલે અત્યંત કોમળ પણ અચેત સુવર્ણ કમળની રચના દેવો કરતા જાય છે. દેવોના અંતરની ભાવના પ્રભુની પર્યુપાસના કરવાની હોય છે, જ્યારે પ્રભુના અંતરની ભાવના પૃથ્વીકાયના જીવોની અને ઉપલક્ષ્યથી જીવમાત્રની દયા પાળવાની હોય છે. અર્થાત્ પરમ અહિંસા ધર્મનું પરિપૂર્ણ પાલન કરવાની ભાવના રાખીને જ પ્રભુ વિચરે છે.

સૂયગડાંગ (સૂત્રકૃતાંગ) સૂત્રના અધ્યયન-

૧૧માં કહ્યું છે :

एयं खु णाणिणो सारं, जं ण हिंसइ कंचणं ।

अहिंसा समयं चेव, एयावंतं विजाणिया ॥१०॥

**ભાવાર્થ :** જ્ઞાનીના જ્ઞાનનો આ જ સાર - નિષ્કર્ષ છે કે કોઈ પણ જીવની હિંસા કરવી નહીં. અહિંસાપ્રધાન શાસ્ત્રનો પણ એ જ પ્રમુખ સિદ્ધાંત અથવા ઉપદેશ જાણવો. અહિંસા વડે જ સમતા આવે. એમ વિચારીને જ્ઞાની કોઈ પણ જીવને પીડા ન ઉપજાવે.

માનતુંગાચાર્ય તીર્થંકર પરમાત્માનું અનેક દિવ્ય સ્વરૂપમાં ચિંતન કરીને સમવસરણમાં બિરાજમાન જિનેશ્વર પ્રભુના નયન મનોહર અને આત્મશુદ્ધિ-શાંતિદાયક દૃશ્યો શ્લોક નં. ૨૮થી ૩૫માં દર્શાવે છે. એક પછી એક ધ્યાન માટે વિશિષ્ટ મહત્ત્વ ધરાવતા અશોકવૃક્ષ-સિંહાસન-ચામર - ત્રણ છત્રો તેમ જ બાકીના ચાર અતિશયો (દેવદુંદુભિ - દિવ્ય પુષ્પવૃષ્ટિ - આભામંડળ - દિવ્યધ્વનિ)નું પરમાત્માના બાહ્યાંતર વૈભવનું અલૌકિક ઉપમાઓ દ્વારા વર્ણન કરતાં તેમાં સ્થિત સૂર્ય સમાન તેજસ્વી તથા સુવર્ણ સમાન કાંતિવાળા આદિનાથ ભગવાનની અત્યંત પૂજ્યભાવથી સૂરિજી સ્તુતિ કરે છે. અરિહંત પરમાત્માના સર્વજ્ઞ સ્વરૂપ સાથે તન્મય થઈ જનાર સાધક પોતાને "હું સર્વજ્ઞ સમાન છું" (શુદ્ધ દ્રવ્ય અને શક્તિ અપેક્ષાએ) તેમ જાણે- માને છે. વીતરાગ પ્રભુનું તેના આંતરબાહ્ય પૂર્ણ સ્વરૂપનું ધ્યાન કરનાર જીવ રાગથી મુક્ત થઈને પરમ આનંદનો અનુભવ કરે છે.

હે જિનેન્દ્રદેવ ! આપ જ્યાં વિહાર કરો છો ત્યાં આપના પગ નીચે દૈવી સુવર્ણકમળોની અદ્ભુત રચના થાય છે. અહો દેવ ! જ્યાં આપના પગ પડે ત્યાં આકાશમાં (દૈવી) ફૂલ (સુવર્ણકમળ) રચાય. લોકો કહે છે કે આકાશમાં ફૂલ ન ઊગે (તેથી જ ન્યાયશાસ્ત્રોમાં કપોલકલ્પિત અવાસ્તવિક અસંભવિત બાબતને 'આકાશકુસુમવત્' કહે છે), પણ પ્રભુ આપ વિહાર કરો ત્યાં તો આકાશમાં આપના પગ નીચે દૈવી કમળો રચાય. આકાશમાં જાણે અદ્ભુત બગીચો ખીલ્યો. આપના આત્મામાં તો અનંતગુણ બગીચો ખીલ્યો ને બહારમાં જ્યાં આપના પગ પડ્યા ત્યાં પણ દૈવી કમળોનો બગીચો ખીલી ઉઠ્યો, ભવ્ય જીવોનું હૃદયકમળ પણ ખીલી ગયું. જેના અંતરમાં આપના ચરણ (જિનાજ્ઞા) વસ્યા તે ભવ્ય જીવમાં ધર્મના બગીચા ખીલી ઉઠ્યા. પ્રભો ! આ ભક્તિ દ્વારા અમારા હૃદયમાં આપના ગુણસ્વભાવની સુગંધ પ્રસરી ગઈ, તેમાં હવે વિભાવની દુર્ગંધ પ્રવેશી નહીં શકે. ભક્તની ભક્તિ અને ભગવાનનો મહિમા એ બંને આશ્ચર્યકારી છે.

અહા, પ્રભુને ઉપરથી રત્નો વરસે અને પગ નીચે ફૂલ બિછાય. હે દેવ ! આવો બાહ્ય પ્રભાવ આપના સિવાય બીજાને હોતો નથી. અંતરનો કેવળજ્ઞાન-વૈભવ તો અચિંત્ય અને અતીન્દ્રિય છે. આવા દિવ્યવૈભવ વચ્ચે પણ પૂર્ણ વીતરાગતા તો આપને જ શોભે. અત્યારે વહેવારમાં પણ મોટા (અને જ્ઞાની) પુરુષોનું સ્વાગત કરવા મખમલની લાલ જાજમ બિછાવે છે. અલબત્ત તે સમયે જો તેમના મનમાં અહમ્‌નો આનંદ કે ગલગલીયા થાય તો તેમની મોટાઈ કે જ્ઞાનને લાંછન લાગે. હે દેવ ! આપને અમારા અંતરમાં વસાવ્યા છે તેથી અમારો આત્મા પણ હવે ઊર્ધ્વગામી જ છે. અમે પણ હવે ઊંચા અર્હત પદ તથા સિદ્ધપદને પામીશું (પરંપરાએ, કાળક્રમે).

આ ભક્તામર સ્તોત્ર દ્વારા જે સર્વજ્ઞ પરમાત્માની સ્તુતિ કરવામાં આવી છે તે સર્વજ્ઞતા જ આ વિશ્વમાં સૌથી મહાન ને આશ્ચર્યકારી અલૌકિક મંત્ર છે. તે સર્વજ્ઞની શ્રદ્ધા-ભક્તિરૂપ મંત્ર દ્વારા, બહારના બંધન તો ઠીક પણ આત્માના ભવના બંધન પણ તૂટી જાય છે. તેથી જ પૂ. સુનંદાબેન

(વોહોરા) તેમના સ્વાધ્યાયમાં અધ્યાત્મ સાધનાની ગતિ-પ્રગતિ માટે આચાર્યભક્તિ દ્વારા પ્રભુઆજ્ઞા પાલન અને સર્વજ્ઞતાની શ્રદ્ધા પર વજન આપે છે.

અહીં સ્તુતિ કરનાર કોણ છે, કોની સ્તુતિ કરે છે, કેવા ભાવથી સ્તુતિ કરે છે અને સ્તુતિનું ફળ શું છે તેનું યથાર્થ સ્વરૂપ સમજીને સૂક્ષ્મ વિચારથી ઊંડા ઉતરતા તેમાં કહેલા વીતરાગી તત્ત્વના ચમત્કારો નિજાત્માના (ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્માના) સ્વરૂપનો પ્રકાશ કરે છે (જુઓ શ્રીમદ્ રાજચંદ્ર રચિત 'મોક્ષમાળા' શાસ્ત્રનો શિક્ષાપાઠ-૫૬, 'ક્ષમાપના'). આ રીતે સર્વજ્ઞ જેવા પોતાના સ્વરૂપનું પ્રકાશન (પ્રગટ અનુભવ, પ્ર-સિદ્ધિ) એ જ જૈનધર્મનું અધ્યાત્મ રહસ્ય છે. સ્તોત્ર દ્વારા સર્વજ્ઞ-પરમાત્માની સ્તુતિ કરનારના અંતરમાં જે 'સર્વજ્ઞ શ્રદ્ધા' (તત્ત્વની સાચી શ્રદ્ધાનો પાયો) છે તે જ મૂળમંત્ર છે, ને તે મંત્રમાં સિદ્ધપદને સાધવાની તાકાત છે. તેથી જ સર્વજ્ઞ ઋષભદેવ ભગવાન તેમના પૌત્ર મરીચિના આત્મામાં રહેલ ભાવિ (લગભગ એક ક્રોડાક્રોડી સાગરોપમ પછી, અબજો વરસો પછી) તીર્થંકર મહાવીરની પર્યાય જોઈ શક્યા (તેમના પૂર્ણ શુદ્ધ જ્ઞાનમાં ઝળકી). ગ્રંથાધિરાજ 'સમયસાર'માં આચાર્ય ભગવંત કુંદકુંદાચાર્યદેવ કહે છે કે ઇંદ્રિયાતીત જ્ઞાન સ્વરૂપની અનુભૂતિ તે સર્વજ્ઞની નિશ્ચયભક્તિ છે. (ગાથા - ૩૧)

અંતમાં આવા દયામય અને સમતામય મહામંગલકારી અહિંસાધર્મનું પાલન કરીને સર્વ જીવો શાંતિ પામે અને સુપાત્ર જીવો મોક્ષગામી બને એ મંગલભાવના સાથે, જિનાજ્ઞાથી કાંઈ વિપરિત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

## શાસ્ત્રો - સત્યના માર્ગે ચાલવાની દીવાદાંડી

**(પાના નં. ૧૧ પરથી ચાલુ...)**

અનુભૂતિ પામતું નથી. એના જ્ઞાનનો ગર્વ એની અજ્ઞાન દશામાં વૃદ્ધિ કરવામાં નિમિત્ત બનતો હોય છે.

એક બીજી બાબતનું પણ મહત્ત્વ છે કે શાસ્ત્રોના શ્લોકો કે પરિચ્છેદો એ કોઈ અન્યએ રચેલા હોય છે. એની પાછળ યાદ રાખનારી વ્યક્તિની વર્ષોની સાધના, અનુભવનો નિચોડ કે ગહન અનુભૂતિ હોતી નથી. એટલે કે એને કડકડાટ બોલી જનારના જીવનમાં એ શબ્દો ઉતર્યા હોતા નથી. એના ઊંડા અર્થની ઓળખ હોતી નથી કે એની પાછળ એનું કોઈ જીવનચિંતન કે નેકદિલ આચરણ હોતું નથી. આમ, જ્યારે તમે શાસ્ત્રને પામો છો, ત્યારે એમાં ગર્ભિતપણે રહેલું સત્ય પણ પામવું જોઈએ. જો એનું સત્ય ન પામો, તો તમે માત્ર એની સ્મૃતિ ધરાવનારા ગણાવ, પણ તમને કોઈ જ્ઞાની પુરુષ કહે નહીં. એ શબ્દના માધ્યમથી જાગતી આધ્યાત્મિક પિપાસાની વાત તો દૂર રહી. શબ્દજ્ઞાનીને શાસ્ત્રજ્ઞાની કહી શકાય નહીં અને શાસ્ત્રજ્ઞાનીને શબ્દજ્ઞાની કહી શકાય નહીં.

આ ભેદની રેખા સમજી લેવા જેવી છે, નહીં તો માત્ર ગોખણિયું જ્ઞાન પ્રાપ્ત કરનાર ઉત્કૃષ્ટ જ્ઞાની અને પરમધર્મી કહેવાશે અને તો પછી શબ્દનું માત્ર પોપટિયું જ્ઞાન એ એને માટે શાપરૂપ બની રહેશે.

જ્ઞાનીની અનુભૂતિ અત્યંત વિલક્ષણ છે. ઘણીવાર તો એ શબ્દમાં પણ પકડાતી નથી. અખાએ કહ્યું કે, "બાવન બાહેર"ની વાત છે અને તેથી માત્ર શબ્દ આપવાથી મર્મ, અર્થ કે ધર્મ આપી શકાતા નથી. આથી જ સંત કબીરે સ્થૂળ શબ્દ અને અનુભૂતિપૂર્ણ શબ્દનો ભેદ દર્શાવતા કહ્યું છે કે,

"શબ્દ શબ્દ બહુ અંતરા, સાર શબ્દ ચિત્ત દેય,
જો શબ્દૈ સાહેબ મિલૈ, સૌઈ શબ્દ ગહિ લેય.

• • •

# આત્માની અમૂર્તત્વ શક્તિ (૨૦)

**વલભજી હીરજી 'કેવલ'**

જ્ઞાનલક્ષણથી લક્ષિત આત્મામાં એક અમૂર્તત્વ નામની શક્તિ છે, જે ઇન્દ્રિયગ્રાહ્ય નથી. અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જ જે જાણવામાં - અનુભવમાં આવે છે એવા આત્માનો અમૂર્તત્વ સ્વભાવ છે. કર્મબંધનના અભાવથી તેનું વ્યક્તરૂપે પરિણમન થાય છે. સમસ્ત કર્મોનો અભાવ થઈને મોક્ષ-સિદ્ધદશા પ્રગટે છે ત્યારે સાક્ષાત્ પૂર્ણ અમૂર્તપણું પ્રગટ થાય છે. ચોથે ગુણસ્થાને જેટલો કર્મબંધનનો અભાવ છે એટલું આ અમૂર્તત્વ શક્તિનું પરિણમન થાય છે. સ્વ-સન્મુખ દ્રવ્યદૃષ્ટિ થતાં અનંત ગુણોનો એક-એક અંશ પર્યાયમાં પ્રગટ થાય છે ત્યારે ભેગી આ અમૂર્તત્વશક્તિ પણ અંશે પરિણમે છે.

દ્રવ્યસ્વભાવની દૃષ્ટિપૂર્વક જેટલી સ્વરૂપલીનતા થાય છે તેટલો કર્મબંધનનો અભાવ થાય છે. તેટલા પ્રમાણમાં રાગના અભાવરૂપ જે શુદ્ધત્વ પરિણમન તે અમૂર્તત્વશક્તિનું પરિણમન છે. તે પરિણમન સ્પર્શ-રસ-ગંધ-વર્ણથી રહિત છે.

જ્ઞાનસ્વભાવી આત્મા સ્વભાવથી અમૂર્ત છે. તેના ઉત્પાદ-વ્યય-અમૂર્ત છે. તેના ગુણ-પર્યાયો અમૂર્ત છે. જ્ઞાન માત્ર ભાવમાં મૂર્તપણું ભેગું સમાતું નથી. કર્મનો સંબંધ ક્યાંય આવતો નથી. દેહની ક્રિયા આવતી નથી. રાગના સંબંધ રહિત છે. પોતાની અનંત ચૈતન્યશક્તિમાં આત્માએ મૂર્તપણાને કદી ગ્રહ્યું જ નથી.

"ધ્યાન વડે અભ્યંતરે દેખે જે અશરીર,
શરમજનક જન્મો ટળે, પીએ ન જનની-ક્ષીર."

ચૈતન્યમૂર્તિ આત્મા સદાય અમૂર્ત છે. ને આ શરીર તો મૂર્ત જ છે. બંનેના લક્ષણ જુદા છે. માટે મૂર્ત શરીરની ક્રિયાથી ભિન્ન એવા ચૈતન્યસ્વરૂપને જાણ, ઇન્દ્રિયાદિ મૂર્ત પદાર્થોથી લક્ષ હઠાવી ઉપયોગને સ્વ-સ્વરૂપમાં જોડી દે. જ્ઞાનનો અમૂર્ત સ્વભાવ ! અમૂર્તજ્ઞાન પોતે મૂર્ત આહારને કેમ કરે ? મૂર્ત વચનને કેમ બોલે ? કે મૂર્ત શરીરના કાર્ય કેમ કરે ? અમૂર્તજ્ઞાનમાં મૂર્તકર્મોનાં સંબંધ કેમ હોય ? સ્વ-સંવેદન વડે આત્મપ્રતીતિરૂપ સમ્યગ્દર્શન થતાં નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપીને આત્મા પરિણમે છે. ત્યાં વિકારનો ને કર્મનો સંબંધ છૂટી જાય છે. આવું અમૂર્ત-જ્ઞાનનું સમ્યક્ પરિણમન છે.

જ્ઞાનશક્તિ પોતામાં અજ્ઞાનને આવવા ન દે. તેમ અમૂર્ત સ્વભાવ મૂર્તપણાને પોતાનામાં આવવા ન દે. આ રીતે આત્માની દરેક શક્તિ પોતાના સ્વરૂપને નિર્મળપણે સાધે છે. સ્વશક્તિ વડે આત્મા પોતાની રક્ષા કરે છે ને પોતાના સ્વરૂપમાં સ્થિર રહે છે. આવી અનંત શક્તિવાળો આત્મા છે તેને અંતર્મુખ થઈને જાણવો-માનવો-અનુભવવો તે અમૂર્ત થવાનો એટલે કે મૂર્તકર્મના સંબંધ રહિત સિદ્ધ થવાનો ઉપાય છે.

**(ક્રમશઃ)**

## બાળવિભાગ

**(પાના નં. ૩૨ પરથી ચાલુ...)**

ઘેરાયેલો માણસ સોનાની પાછળ દોડે છે ત્યારે તેની ઊંઘ હરામ થઈ જાય છે, શાન્તિ ગાયબ થઈ જાય છે. આથી સોનું પોતે જ કહે છે :

માનવ ! મારી હાજરીમાં સૂઈશ નહિ. સૂઈશ નહિ (સો ના)

એક કવિએ સુંદર કહ્યું છે,

સોના ! જબ તુમ થે નહિ, સોના થા આરામ,
સોના ! જબ તુમ આ ગયે, સોના હુઆ હરામ;
સોના હો યદિ પાસ મેં, હૈ સોને મેં હાર,
'સો ના... સો ના' કહ રહા, સોના સ્વયં પુકાર.

• • •

# ધ્યાન - બેધ્યાન

**ચંદ્રહાસ ત્રિવેદી**

મહાત્મા બુદ્ધ શ્રાવસ્તિથી વિહાર કરીને જેતવન તરફ જઈ રહ્યા હતા. સાથમાં તેમનો પટ્ટશિષ્ય આનંદ અને અન્ય શિષ્ય સમુદાય હતો. બુદ્ધં શરણં ગચ્છામિ; ધમ્મં શરણં ગચ્છામિ અને સંઘં શરણં ગચ્છામિનાં લયબદ્ધ બોલાતાં સૂત્રોથી વાતાવરણમાં એક પ્રકારની દિવ્યતા વર્તાતી હતી. પીળાં એકસરખાં વસ્ત્રોથી શોભતા બૌદ્ધ ભિખ્ખુઓ ખુલ્લે માથે, પાંચ પગલાં આગળ નીચે નજર નાખીને એકસરખી ચાલે ચાલી રહ્યા હતા. તેમની વચ્ચે સૂર્ય સમ શોભતા બુદ્ધ મંથર ગતિએ આગળ વધી રહ્યા હતા. માર્ગની બંને બાજુએ ઊભેલા લોકો પૂર્ણભાવથી બુદ્ધને નીચા નમીને વંદન કરતા હતા. સંઘ ધીમે ધીમે આગળ વધી રહ્યો હતો.

વિહાર વ્યવસ્થિત રીતે થઈ રહ્યો હતો. યાત્રિકોના ધીમા પગરવ સિવાય બીજો કોઈ અવાજ સંભળાતો ન હતો. કોઈ શિષ્ય કે ભિખ્ખુ અન્ય કોઈ ચેષ્ટા કરતો ન હતો કે પરસ્પર વાતચીત પણ થતી ન હતી. એટલામાં બુદ્ધનો એક હાથ જરા ઊંચો થયો. બુદ્ધે હાથથી મુખને આછો સ્પર્શ કર્યો અને હાથ પુનઃ નીચે આવીને યથાવત્ ગોઠવાઈ ગયો. બુદ્ધની સાથે ચાલી રહેલા આનંદના ધ્યાન બહાર બુદ્ધની આટલી નાનીશી ચેષ્ટા પણ ન રહી. તેણે બુદ્ધ સામે જોયું. પણ બુદ્ધ તો પુનઃ યથાવત્ ચાલી રહ્યા હતા એટલે આનંદ કંઈ બોલ્યો નહીં. વિહાર થતો રહ્યો.

સંઘ થોડેક દૂર આગળ વધ્યો હશે ત્યાં બુદ્ધે પુનઃ પોતાનો હાથ ઊંચો કર્યો. પહેલાંની જેમ તેમણે મુખ ઉપર હાથ ફેરવ્યો અને પછી નીચે લાવીને યથાવત્ મૂકી દીધો. આમ જોઈએ તો વાત સામાન્ય હતી પણ અકારણ કોઈ ચેષ્ટા ન કરતા બુદ્ધની આ ચેષ્ટાએ આનંદને વિચાર કરતો કરી મૂક્યો. તેને કારણે આનંદની ચાલવાની ગતિમાં થોડોક ફેર વર્તાયો, જે બુદ્ધના ધ્યાન બહાર ન રહ્યો. બુદ્ધે ચાલતાં ચાલતાં આનંદ તરફ સહેજ જોયું. બુદ્ધના સકળ ભાવોથી માહિતગાર રહેતો આનંદ બુદ્ધના મૂક પ્રશ્નને સમજી ગયો. ચાલતાં ચાલતાં જ તે બોલ્યો, ''ભંતે ! અવિનય માટે ક્ષમા પાર્થું છું. પણ આપની અકારણ ચેષ્ટાને ન સમજી શક્યો તેથી મારી ચાલમાં થોડો ફેર પડી ગયો. મનમાં ઉઠેલા પ્રશ્નને કારણે મારી ગતિ બદલાઈ ગઈ.''

વિહાર ચાલુ રાખતાં જ બુદ્ધે કહ્યું, ''હું ચાલતો હતો તે વખતે મારા મુખ ઉપર એક માંખ આવીને બેઠી. તે વખતે માંખને ઉડાડવા માટે મારો હાથ ઊંચો થઈ ગયો અને માંખ ઊડી જતાં તે નીચે આવી ગયો.''

આનંદ કંઈ બોલ્યો નહીં પણ ક્ષણભર તે બુદ્ધની સામે જોઈ રહ્યો. આનંદની જિજ્ઞાસા બુદ્ધના ધ્યાન બહાર રહી શકી નહીં. તેમણે આગળ વધતાં કહ્યું, ''આનંદ, માંખને ઉડાડવા માટે પહેલીવાર મારો હાથ ઊંચો થઈ ગયો હતો. બીજી વાર મેં જાણી સમજીને હાથ ઊંચો કરીને મુખ ઉપર ફેરવ્યો હતો.''

આનંદે હવે પૂર્ણ વિનય કરતાં પૂછ્યું, ''ભંતે ! માંખ તો તમારા મુખ ઉપરથી ઊડી ગઈ હતી. ફરીથી માંખ મોં ઉપર આવીને બેઠી ન હતી. છતાંય તમે ફરીથી હાથ ઊંચો કરીને મોં ઉપર ફેરવ્યો તે વાત મને સમજાઈ નહીં.''

બુદ્ધે મર્માળુ સ્મિત કરતાં કહ્યું, ''તારા પ્રશ્નથી મને ખુશી છે. એ વાત સમજવા જેવી છે.

માંખ આવીને મારા મુખ ઉપર બેઠી, તેનો મારા ગાલને સ્પર્શ થતાં, કંઈક ન ગમતું બન્યાની મારા ચિત્તને ખબર થઈ અને તેણે પ્રતિક્રિયા કરતાં મારો હાથ અજાણતાં ઊંચો થઈ ગયો અને તેણે માંખ ઉડાડી અને તે નીચે આવી ગયો. તત્કાળ મારા જાગ્રત ચિત્તે તેની નોંધ લીધી. મારા ધ્યાન બહાર આમ હાથ ઊંચો થઈ ગયો તે બરોબર ન થયું. આવો પ્રમાદ ભિખ્ખુને ન પાલવે. ફરીથી મારા ધ્યાન બહાર કોઈ ચેષ્ટા ન થઈ જાય તેની મારા અંતઃચિત્તને સૂચના આપવા માટે મેં પૂર્ણ જાગરૂકતામાં હાથને ઉપર લાવી, માંખ ઉડાડવાની ચેષ્ટા કરી નીચે લાવવાની સૂચના આપી. તેથી બીજી વાર મારો હાથ ઊંચો થયો, મોં ઉપર ફર્યો અને નીચે આવી ગયો. પહેલી વખત મારો હાથ મારા ધ્યાન બહાર ઊંચો થયો હતો, બીજી વાર તે મારી સૂચનાથી ઊંચો થયો. બીજી વારની મારી ચેષ્ટા પૂર્ણ જાગરૂકતામાં મેં કરી હતી.''

આમ જોઈએ તો ક્રિયા એકની એક લાગે પણ બે વચ્ચે તાત્ત્વિક રીતે ઘણો ફેર હતો. એક ક્રિયા ધ્યાન બહાર થઈ. બીજી ક્રિયા ધ્યાનપૂર્વક થઈ. ધ્યાનની આ ગહન વાત છે. જાગરૂકતા ધ્યાનનું પ્રથમ ચરણ છે.

આપણું મોટા ભાગનું જીવન જાગરૂકતા વિના જિવાતું રહે છે તેથી આપણે ઘણું ન કરવા જેવું કરી બેસીએ છીએ અને કરવા જેવું ચૂકી જઈએ છીએ. મોટે ભાગે આપણું જીવન સંજ્ઞા (instinct)નું જીવન હોય છે. આહાર, ભય, પરિગ્રહ અને મૈથુન એ ચાર મૂળભૂત સંજ્ઞાઓ છે. તેના પ્રેર્યા કે તેના દોર્યા આપણે જીવીએ છીએ.

બીજી રીતે આપણે પ્રતિક્રિયાનું જીવન જીવીએ છીએ. કોઈએ કંઈ કર્યું, આપણે કંઈ જોયું તેની પ્રતિક્રિયા કરીને આપણે જીવીએ છીએ.

આપણે જીવનમાં તણાતા રહીએ છીએ વધારે અને તરીએ છીએ ઓછું. સભાનતાપૂર્વક આપણે ભાગ્યે જ જીવીએ છીએ. સંસાર શું કે ધર્મ શું, આપણે સુખ-શાંતિમાં જીવવું હોય તો ધ્યાનપૂર્વકનું જીવન આવશ્યક બની જાય છે.


જાગરૂકતા એ ધ્યાન છે એ વાત ખરી, પણ વિવેક વિનાની જાગરૂકતા ઘણી વાર દુર્ધ્યાન બની જાય છે. એમ તો સરોવરને કિનારે બેઠેલો બગલો પૂર્ણ જાગરૂકતાથી જતી-આવતી બધી માછલીઓને જોયા કરે છે અને લાગ જોઈને માછલી ઉઠાવે છે. શિકારી પૂરી સજગતા રાખીને પોતાનું નિશાન સાધે છે અને શિકાર કર છે. જે જાગરૂકતાનો હેતુ કોઈનું અહિત કરવાનો હોય, કોઈને મારવાનો હોય, કોઈને પરેશાન કરવાનો હોય તે જાગરૂકતાને - તે ધ્યાનને ધર્મમાં દુર્ધ્યાન કહેવામાં આવે છે. દુર્ધ્યાન આદરવાલાયક નથી, પણ છોડવા જેવા હોય છે. વિનાશ વેરે તેવું ધ્યાન તો, હોય તેના કરતાં ન હોય તો વધારે સારું.

માખી બેસે અને તેને ઉડાડવા માટે ધ્યાન બહાર હાથ ઊંચો થઈ જાય તેને બેધ્યાન કહેવાય. માખી અંગ ઉપર બેઠી છે અને તેને ઉડાડવી છે - એ લક્ષ્ય સાથે હાથ ઊંચો થાય તે ધ્યાન કહેવાય, અને બેઠેલી માખીને મારવાના ઈરાદાથી જાગરૂકતાપૂર્વક હાથ ઊંચો થાય તેને દુર્ધ્યાન કહેવાય. આટલો ભેદ સમજવા જેવો છે. જાગરૂકતા સારી પણ વિવેક વિનાની જાગરૂકતા ખોટી.

## વિચારકણિકાઓ

**પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા**

- **સુખી થવાનો શોર્ટકટ ગમતું મેળવવું એ નહીં પણ જે મળ્યું છે એને ગમાડવું.**
- **દોસ્તીને લાંબી ચલાવવી હોય તો દોસ્તનો ઉપયોગ ઓછો કરો.**
- **રોટલો કેમ રળવો તે નહીં પણ દરેક કોળિયાને મીઠો કરી જાણવો તે સાચી કેળવણી છે.**



# બાળ વિભાગ



સંકલન : મિતેશભાઈ એ. શાહ

## સોના ! જબ તુમ આ ગયે

એક હતો રાજા. એની પાસે અપાર વૈભવ ! પણ હૈયે એથીયે વધુ લોભની આગ સળગે !

એને એક જ ધૂન હતી : સોનું લાવો.. ગમે તે ભોગે સોનું મળવું જ જોઈએ.

પ્રજા પર આકરા કરવેરા લગાવી-લગાવીને તેણે અઢળક સોનું ભેગું કર્યું. એક મોટો ડુંગર થઈ જાય એટલું બધું સોનું એને ત્યાં એકઠું થઈ ગયું, પણ તોય એના લોભને થોભ નથી. તેની માંગ હજુ એવી ને એવી ચાલુ છે.

એક દિવસ તેણે વિચાર્યું કે મારી આ ઇચ્છા કોઈ દિવસ સંતોષાય તેવું જણાતું નથી. માણસો દ્વારા હું સોનું મેળવી-મેળવીને કેટલું મેળવવાનો ? એના માટે કોઈ દેવને જ રીઝવવા પડશે. એ વિના ઠેકાણું નહિ પડે.

રાજા ગામ બહાર રહેલા મંદિરના દેવની એકતાનથી ઉપાસના કરવા લાગી ગયો. તેની અદમ્ય લગનીથી ત્રીજે જ દિવસે દેવ પ્રગટ થયો ને પૂછ્યું, “કેમ ભક્ત ! મને કેમ યાદ કર્યો ? તારે શું જોઈએ છે ?”

“ઓ દેવ ! આપ મારા પર પ્રસન્ન થયા હો તો મારે સોનું જોઈએ છે. મને એવું વરદાન આપી દો કે હું જેને અડકું તે સોનું બની જાય.”

“જરા વિચાર કરીને માંગજે.”

“વિચાર કર્યા વિના કોઈ માંગતું હશે ? મેં આના પર થોડો ઘણો નહિ પણ આખી જિંદગી વિચાર કર્યો છે. હવે તો આપ વરદાન આપી જ દો.”

“ભલે તથાસ્તુ. હું તને વરદાન આપું છું કે તું જેને અડીશ તે સોનું બની જશે.”

રાજાના આનંદનો કોઈ પાર નથી. મનમાં ને મનમાં ફુલાઈ રહ્યો છે : હું તો નવ હજાર ડુંગરો સોનાના બનાવી દઈશ. ઇતિહાસમાં મારું નામ અમર બનાવી દઈશ.”

આમ વિચારતો રાજા સીધો જ પોતાના બગીચે પહોંચ્યો. ઝાડ-છોડને જોઈ તેને થયું કે આ બધા સોનાના થઈ જાય તો કેટલું સારું ! તે બગીચામાં રહેલાં બધાં જ વૃક્ષો, છોડો, વેલડીઓને અડવા માંડ્યો. હાથ અડતાંની સાથે જ બધાં જ સોનાનાં થઈ ગયા.

હવે તે મહેલમાં ગયો. તે જેને જેને અડ્યો તે તે બધું જ સોનાનું બની જવા માંડ્યું. ધરતી પર પડેલા પોતાના બધા જ પગલાં સોનાનાં જોઈને રાજાના હૈયે આનંદનો નિરવધિ સાગર ઊછળવા લાગ્યો. નાસ્તો કરવા માટે તે જેને જેને અડવા લાગ્યો તે તે બધું જ સોનાનું !

તેણે નાસ્તા માટે મીઠાઈ હાથમાં લીધી તો તે પણ સોનાની થઈ ગઈ. દૂધ પણ સોનાનો ગઠ્ઠો થઈ ગયો.

તેને થયું કે આ તો ભારે થઈ ! ખાઈ પણ શકાતું નથી, પણ તરત જ તેનું લાલચુ મન બોલી ઊઠ્યું : અરે ! દોસ્ત ! એમ નારાજ શું થાય છે ? ખાવાનું ના મળ્યું એમાં આટલી ચિંતા ? સોનું હશે તો બધું ઠીક થઈ રહેશે.

આમ તે મનને મનાવવા લાગ્યો, પણ ભૂખ-તરસ કાંઈ કેડો છોડે ?

થોડા કલાકો પછી તેને જોરદાર ભૂખ લાગી. એટલે ફરી પાછો થાળી-પાટલે ગોઠવાઈ ગયો.

રોટલી હાથમાં લીધી ને સોનાની બની ગઈ.

જેને-જેને તેનો હાથ લાગ્યો તે બધું જ સોનાનું થઈ ગયું. રાજાની અકળામણનો પાર ન રહ્યો. સોનું

ભલે ગમે તેટલું કિંમતી હોય પણ ભૂખ લાગે ત્યારે સોનાની રોટલી થોડી ખાઈ શકાય ?

થોડીવાર પછી તરસ લાગી. તેણે જ્યાં પાણીનો પ્યાલો હાથમાં લીધો તો પાણી સહિત એ પ્યાલો પણ સોનાનો બની ગયો. રાજા એવો મુંઝાયો-એવો મુંઝાયો કે તેની મુંઝવણ આંસુરૂપે બહાર પડવા લાગી.

પિતાજીને ઉદાસીન બેઠેલા જોઈને દસ વર્ષની તેની પુત્રી રમતી-રમતી ત્યાં આવી પહોંચી અને બોલી, "પિતાજી! અહીં નવરા કેમ બેઠા છો ? આપણા બગીચામાં ચાલો તો ખરા. એ બગીચો કોઈએ બગાડી નાખ્યો છે ! એક પણ ફળ ખાવા જેવું રહ્યું નથી. એક પણ ફૂલમાંથી સુગંધ નથી આવતી. ભમરાઓ અને પંખીઓનું આગમન બંધ થઈ ગયું છે. આખો બગીચો ઉજ્જડ જેવો લાગે છે."

"દીકરી ! તું હજી નાની છે. તને આ ન સમજાય. એ બગીચો બગડી નથી ગયો-સુધરી ગયો છે. સોનાનો બની ગયો છે."

રાજાના મનમાંથી હજુ સોનાની વાસના ગઈ નહોતી.

"પિતાજી ! સોનું એ કઈ ચીજ છે ? એ શું કામ આવે ? ખાવામાં કામ આવે ? પીવામાં કામ આવે ? પહેરવામાં કામ આવે ?"

નાની છોકરીની મુગ્ધતા જોઈને રાજાથી હસી જવાયું. તેણે વહાલથી પુત્રીના માથે હાથ મૂક્યો અને કહ્યું, "પુત્રી ! સોનું ખાવા-પીવા કે પહેરવામાં કામ ન આવે પણ..."

આટલું બોલતાં જ રાજાથી અડકી જવાયું. તેની પુત્રી એકદમ સ્તબ્ધ બનીને પૂતળાની જેમ ઊભી રહી. રાજા બબડી ઊઠ્યો, "અરરર... આ મારી વ્હાલી પુત્રી પણ મારા સ્પર્શથી સોનાની ઢીંગલી બની ગઈ ? હાય ! હાય ! હું ઠગાયો ! ઠગાયો ! સોનાના મોહમાં ખરેખર ઠગાયો ! પુત્રીને અડકી શકું પણ નહિ. મારી કમનસીબીનો કોઈ પાર છે ? ઓ દેવ ! ઓ દેવ ! આ તમારું વરદાન છે કે શાપ ? આપે વિચારીને માંગવા કહેલું પણ હું વિચારી શક્યો નહિ. લોભમાં આંધળો બનેલો ક્યાંથી વિચારી શકે ? ઓ દેવ ! ક્ષમા કરો. તમારું વરદાન પાછું ખેંચી લો. મારે નથી જોઈતું સોનું. મારે જોઈએ છે મારી પુત્રી ! મારે જોઈએ છે ભોજન ! મારે જોઈએ છે કુદરતી બગીચો !" રાજા બાળકની જેમ રડી પડ્યો.

રાત પડતાં ભૂખ્યો-તરસ્યો, થાક્યો-પાક્યો રાજા આરામ કરવા માટે પલંગમાં પડ્યો તો પલંગ પણ સોનાનો ! સુંવાળી પથારી સોનું થઈ જતાં કઠણ થઈ ગઈ ! ભૂખ્યા-તરસ્યા અને વિહ્વળ રાજાને આમેય ઊંઘ આવે તેમ નહોતું, તો કઠણ પથારીમાં ઊંઘ ક્યાંથી આવે ?

ઊંઘવાને બદલે રાજાએ પ્રાર્થનામાં જ રાત્રિ પસાર કરવાનો નિર્ણય કર્યો, "હે દેવ ! કૃપા કરો અને તમારું વરદાન પાછું ખેંચી લો. મારે નથી જોઈતું સોનું ! મારે નથી બનવું મહાન !"

તેની આવી અંતઃકરણની પ્રાર્થનાથી મધ્યરાત્રે દેવ પ્રગટ થયો અને બોલ્યો, "રાજન્ ! મેં નહોતું કહ્યું કે વિચાર કરીને માંગજો ? ઠીક, હવે તારી કાકલૂદીભરી વિનવણીથી વરદાન પાછું ખેચું છું, પણ બીજી વખત ધ્યાન રાખજે. આવી મૂર્ખતા કરીશ નહિ."

આમ કહીને દેવે વરદાન પાછું ખેંચી લીધું. ત્યારે રાજાને સંતોષ થયો અને નિરાંતથી ઊંઘ ખેંચી.

પછી તેણે કદી સોનાની યાચના કરી નહિ. સોના વિના જ તેને પરમ શાન્તિનો અનુભવ થવા લાગ્યો.

**સાર :** આપણા પૂર્વ મહર્ષિઓએ પોકારી-પોકારીને કહ્યું છે કે સુખ સંગ્રહમાં નથી, સંતોષમાં છે. ગમે તેટલી સંપત્તિ એકઠી કરવામાં આવે, પણ લોભીને કદી શાંતિ મળે જ નહિ.

સોનું જ્યારે માણસ પાસે નથી હોતું ત્યારે તે શાન્તિથી સૂઈ શકતો હોય છે, પણ જ્યારે લોભથી

**(અનુસંધાન પાના નં. ૨૮ પર...)**

# સમાજ-સંસ્થા દર્શન

## ગુરુપૂર્ણિમાની શિબિરમાં પધારવા નિમંત્રણ

સંસ્થામાં તા. ૮-૭-૨૦૧૭ થી ૧૦-૭-૨૦૧૭ દરમિયાન ગુરુપૂર્ણિમા નિમિત્તે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર અંતર્ગત પૂજ્યશ્રી આત્માનંદજી, આદ. ડૉ. જિતેન્દ્રભાઈ શાહ, આદ. ડૉ. કુમારપાળભાઈ દેસાઈ તથા આદ.બા.બ્ર. સુરેશજીના સ્વાધ્યાયના આયોજન ઉપરાંત ભક્તિસંગીત, જિનપૂજા આદિ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાશે. શિબિરમાં પધારવા સૌને ભાવભર્યું નિમંત્રણ છે. આપના આગમનની જાણ અગાઉથી સંસ્થામાં કરવા વિનંતી.

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૨૫-૬-૨૦૧૭ | અષાઢ સુદ બીજ | રવિવાર | શ્રી જિનમંદિરનો નૂતન ધ્વજારોહણ |
| ૮-૭-૨૦૧૭ થી ૧૦-૭-૨૦૧૭ | અષાઢ સુદ ચૌદશ થી અષાઢ વદ એકમ | શનિથી સોમ | શ્રી ગુરુપૂર્ણિમા શિબિર |
| ૧૮-૮-૨૦૧૭ થી ૨૫-૮-૨૦૧૭ | શ્રાવણ વદ અગિયારસ ભાદરવા સુદ ચોથ | શુક્રવાર થી શુક્રવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૨૬-૮-૨૦૧૭ થી ૫-૯-૨૦૧૭ | ભાદરવા સુદ પાંચમથી ભાદરવા સુદ ચૌદશ | શનિવાર થી મંગળવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૬-૧૦-૨૦૧૭ | આસો વદ એકમ | શુક્રવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન અને પૂ. લઘુરાજસ્વામીજીનો જન્મમંગલદિન |
| ૧૭-૧૦-૨૦૧૭થી ૨૦-૧૦-૨૦૧૭ | આસો વદ તેરસ થી કારતક સુદ એકમ | મંગળવારથી શુક્રવાર | શ્રી દીપાવલી આરાધના પર્વ |
| ૨૫-૧૦-૨૦૧૭ | કારતક સુદ પાંચમ | બુધવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૩-૧૧-૨૦૧૭ થી ૫-૧૧-૨૦૧૭ | કારતક સુદ ચૌદસથી કારતક વદ એકમ | શુક્રવારથી રવિવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ નિમિત્તે શિબિર |
| ૧-૧૨-૨૦૧૭ થી ૩-૧૨-૨૦૧૭ | | શુક્રવાર થી રવિવાર | ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિર |
| ૨૪-૧૨-૨૦૧૭થી ૨૬-૧૨-૨૦૧૭ | | રવિવાર થી મંગળવાર | યુવાશિબિર |

## થાઈરોઇડ નિદાન કેમ્પ

આપણી સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે Abbot કંપનીના સહયોગથી તા. ૯-૭-૨૦૧૭ને રવિવારના રોજ બપોરે ૧૨થી ૩ કલાક દરમિયાન રાહત દરે થાઈરોઈડ રોગ નિદાન કેમ્પનું આયોજન કરેલ છે. આ સમય દરમિયાન રૂ. ૫૦/-ના રાહત દરે TSH ટેસ્ટ કરી બે દિવસમાં રીપોર્ટ સંસ્થામાં પહોંચાડી આપવામાં આવશે. જે સેમ્પલમાં TSH નો રીપોર્ટ ઓછો કે વધારે આવે તે સેમ્પલમાંથી જ T3 અને T4ના રીપોર્ટ કોઈપણ અન્ય ચાર્જ વિના કરી આપી, બે દિવસમાં સંસ્થામાં રીપોર્ટ પહોંચાડી દેવાશે.

સામાન્યતઃ પ્રાઈવેટ લેબોરેટરીમાં આ ટેસ્ટનો ચાર્જ રૂ. ૬૦૦/- થી ૮૦૦/-ની નજીક થાય છે. આ કેમ્પ માટે આર્થિક સહયોગ શ્રીમતી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવાર, રાજકોટ તરફથી સાંપડ્યો છે, તે બદલ સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. ઉપરોક્ત કેમ્પનો લાભ લેવા સૌને વિનંતી છે.

## સંસ્થા સ્થાપનાદિન નિમિત્તે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન

વૈશાખ સુદ દશમ ભગવાન મહાવીર કેવળજ્ઞાન કલ્યાણકના શુભ દિને તા. ૯-૫-૧૯૭૫ના દિવસે આપણી સંસ્થાની સ્થાપના થઈ હતી. ૪૩મા સંસ્થા સ્થાપનાદિન નિમિત્તે સંસ્થામાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન થયા. સવારે જિનાભિષેક બાદ પ્રભુ મહાવીરની પૂજા કરવામાં આવી. ત્યારબાદ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ સૌએ ભાવપૂર્વક કર્યું. સંસ્થા સ્થાપનાની પૂર્વભૂમિકા વિષય અંતર્ગત પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેને પૂજ્યશ્રીની સત્સંગ માટેની શોધ, પંચભાઈની પોળમાં પૂજ્યશ્રીના સ્વાધ્યાયનું આયોજન, પૂજ્યશ્રીની ઉગ્ર સાધના, પૂજ્ય સહજાનંદજી વર્ણીજી સાથેના પૂજ્યશ્રીના ઘનિષ્ઠ સત્સંગ દરમિયાન બ્રહ્મચર્યવ્રત અને ઘનિષ્ઠ સાધનાની પ્રેરણા, સાધના માટે નિવૃત્તિક્ષેત્રની શોધ, એલ.ડી. ઇન્સ્ટિટ્યૂટમાં પૂજ્યશ્રીનો ઘનિષ્ઠ શાસ્ત્રોનો અભ્યાસ, સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્રની સ્થાપના વગેરે મુદ્દાઓને રસપ્રદ રીતે વર્ણવ્યા હતા.

પૂજ્યશ્રી આત્માનંદજીએ પ્રશ્નોત્તરી અંતર્ગત સંસ્થાના ઇતિહાસની ટૂંકમાં માહિતી આપી હતી બા.બ્ર.આદ. સુરેશજીએ વચનામૃતના આધારે 'અન્યત્વ ભાવના' વિષય પર સુંદર સમજૂતી આપી હતી. તેઓશ્રીએ ભગવાન મહાવીરના કેવળજ્ઞાન પૂર્વેની દશા અને કેવળજ્ઞાન કલ્યાણક વિષય પર ચિંતન-ધ્યાન કરાવ્યું હતું. આ પ્રસંગે ડૉ. સોનેજી પરિવાર (હસ્તે, પૂજ્ય બહેનશ્રી) તથા શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવાર તરફથી સૌને કેરીની પ્રભાવના કરવામાં આવી હતી.

## સંસ્થામાં પૂ. આચાર્ય ૧૦૮શ્રી વિમદસાગરજી મહારાજનું સસંઘ શુભાગમન

આપણી સંસ્થામાં તા. ૨૭-૪-૨૦૧૭ના દિવસે પૂ. આચાર્ય ૧૦૮ શ્રી વિમદસાગરજી મહારાજ સસંઘ (બે મુનિમહારાજ તથા બે ક્ષુલ્લકજી મહારાજ) પધાર્યા હતા. મુનિસંઘના શુભાગમનથી સંસ્થાના મુમુક્ષુઓના હૃદયમાં આનંદ-ઉલ્લાસ છવાઈ ગયો. વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનો પ્રવહી ઊઠ્યા.

પૂજ્ય આચાર્યશ્રીએ દર્શનવિશુદ્ધિ આદિ સોલહ કારણભાવના વિષયક સ્વાધ્યાય આપતા જણાવ્યું કે જિનેન્દ્રદેવની વાણી પરમ કલ્યાણકારી, પરમ તૃપ્તિકારી તથા અનંત જ્ઞાનાદિગુણો પ્રાપ્ત કરવામાં સહાયક છે. સમ્યગ્દર્શન થતાં જ્ઞાન સમ્યક્ તથા આચરણ સમીચીન બની જાય છે. જ્ઞાન ઘટવાનું કારણ સંકલેશ પરિણામ / કષાયભાવો છે. "જબ ચઢતા હૈ મોહ કા નશા, તો બિગડ જાતી હૈ ઈસ જીવ કી દશા; જબ ઉતરતા હૈ મોહકા નશા તો ઉસકી હો જાતી હૈ શુદ્ધ દશા." જેની શુદ્ધ દશા થાય તેની સિદ્ધદશા થાય. યહાઁ (માનવભવ મેં) શુદ્ધ હોતા હૈ, વહાઁ (સિદ્ધલોક) સિદ્ધ હોતા હૈ, ઔર સિદ્ધ હોતા હૈ વહ કભી લૌટકર વાપિસ નહીં આતા.

સમ્યક્જ્ઞાનરૂપી દીપકથી વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાય છે. લક્ષ આત્માનો અને દૃષ્ટિ પરમાત્મા પર રાખવી. સંસારની વાસનાઓથી બચાવે, પ્રપંચથી બચાવે અને સ્વરૂપ તરફ લઈ જાય તે સમ્યક્જ્ઞાન. જે હિતની પ્રાપ્તિ કરાવે અને અહિતનો પરિહાર કરાવે તેનું નામ સમ્યક્જ્ઞાન. જેનું ચિત્ત કષાયોથી રંગાયેલું હોય તેના પર ધર્મધ્યાનની અસર થતી નથી. મુનિઓના ૧૮,૦૦૦ શીલ અને શ્રાવકના ૭ શીલ છે. વ્રતનું દાન આચાર્ય જ આપી શકે. ક્ષણ ક્ષણ લો પ્રતિબોધ એટલે અભીક્ષ્ણજ્ઞાનોપયોગ. જીવોના પ્રાણ લેવામાં તત્પર હોય તેને પદ્મપુરાણ ક્યાંથી સમજાય ? મનની એન્ટીના બગડે ત્યારે પરિણામો બગડવા લાગે છે. ધર્મના પંથે આવ્યા વગર કોઈનો છૂટકો નથી. ચક્કર લગાઓ ગે (સાત ફેરા) તો ચક્કર આયેગા. ગ્રંથ નિર્ગ્રંથ બનવા માટે વાંચવાના છે. प्रकृष्ट वचनं प्रवचनम् । સંસારથી ભયભીત બનવું. આપણા જીવતા દાન આપી દેવું. 'એક દિન ઐસા આયેગા, માલમાલ યહાઁ પડા રહ જાયેગા, ઉસકા માલિક ચલા જાયેગા.' 'યહાઁ ડાલો, વહાઁ નિકાલો.'(દાન) યુવાવસ્થામાં દિગંબર મુનિ બને તે આજના યુગનો ચમત્કાર છે.

મુનિસંઘની આહારવિધિમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પૂ. આચાર્ય લિખિત સોલહકારણ ભાવના વિષયક પુસ્તકો સંસ્થાને ભેટ આપવા આવ્યા. ગાંધીનગર અને અમદાવાદથી ભાવિક ભક્તો સત્સંગ અર્થે પધાર્યા હતા.

## સંસ્થામાં રાષ્ટ્રસંત પૂજ્ય આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.નું શુભાગમન

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબાના પ્રેરણાદાતા પૂજ્ય આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.નું તા. ૧૦-૫-૨૦૧૭ના રોજ આપણી સંસ્થામાં સસંઘ શુભાગમન થયું હતું. પૂજ્ય આચાર્યશ્રી સાથે સંસ્થાના સ્નેહસભર સંબંધો જળવાઈ રહ્યા છે. પૂજ્ય આચાર્યશ્રી અને પૂ આત્માનંદજી વચ્ચે પરસ્પર વાત્સલ્ય સભર આત્મીયતાનો નાતો વર્ષોથી રહેલો છે.

પૂજ્ય આચાર્યશ્રીના આગમનથી સંસ્થામાં આનંદ-ઉલ્લાસ છવાઈ ગયો. વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનો પ્રવહી ઊઠ્યા. સૌએ હૃદયના ભાવોલ્લાસથી પૂજ્ય આચાર્યશ્રીનું સ્વાગત કર્યું. પૂજ્ય આચાર્યશ્રી તથા પૂ. આત્માનંદજી વચ્ચે ધર્મચર્ચા થઈ.

પૂજ્ય આચાર્યશ્રીએ હિતશિક્ષા આપતા જણાવ્યું કે ભગવાન મહાવીરનું દર્શન પૂર્ણ સત્ય છે. સ્યાદ્વાદ, અનેકાંતનો સિદ્ધાંત જગતના સંઘર્ષો દૂર કરે છે. સ્યાદ્વાદનો સિદ્ધાંત એ પૂર્ણ સત્યનું પ્રતીક છે. લોકો સંપ્રદાય-રૂઢિથી જે મળ્યું તે ગ્રહણ કરે છે પણ સત્ય સમજતા નથી. બહારથી બધું સલામત દેખાય છે પણ આત્માનો ખજાનો રાગ-દ્વેષને કારણે લૂંટાઈ રહ્યો છે. અંતરના પરિણામ દૂષિત થઈ જાય છે. અંતરનું પરિવર્તન એ વાસ્તવિક પરિવર્તન છે. પર્યાયબુદ્ધિ છોડી 'સ્વ'નો પરિચય કરવો. પ્રભુના ઉપકારને ભૂલી ગયા તો આગામી અનંતકાળ દુઃખ છે. ભવની પરંપરાઓનો નાશ થાય તેવું પ્રભુ પાસે માગવું. મોક્ષનું પ્રવેશદ્વાર સમ્યગ્દર્શન છે. ભગવાનની વાણીનો સ્વીકાર - તેની પૂર્ણ શ્રદ્ધા એટલે સમ્યગ્દર્શન. નય, નિક્ષેપ વગેરે અપેક્ષાથી ભગવાનના વચનોને સમજવા પ્રયત્ન કરવો તે સમ્યક્જ્ઞાન, જિનવાણીને જીવનમાં પ્રતિષ્ઠિત કરવી, આત્મસાત્ કરવી એટલે સમ્યક્ચારિત્ર. આ રત્નત્રય આત્માને પરમાત્મા બનાવે છે. આ ત્રિવેણીસંગમમાં ડૂબકી લગાવે તો મોક્ષની પ્રાપ્તિ થાય. સંસારપરિભ્રમણનું મૂળ કારણ પરિગ્રહની વાસના છે. પર પદાર્થોને પોતાના માનવાં તેનું નામ અજ્ઞાન. આયુષ્ય પૂર્ણ થતાં મૃત્યુનું વોરંટ આવશે તે પહેલાં આત્મજાગૃતિ કેળવી લો. સંસારમાં વૈરાગ્યના ઘણા નિમિત્તો મળી આવે છે. દર્પણ શીખવે છે કે પરિચય સબકા, સંગ્રહ કિસીકા નહીં. સ્વયંમાં પ્રભુપ્રાપ્તિની પ્યાસ હોય તો સદ્ગુરુ તે તરસ છીપાવશે.

## નૂતન વર્ષની દિવાળી પુસ્તિકા 'જીવનદીપ'

નૂતન વર્ષ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી શકાય તેમજ સદ્‌વાચન દ્વારા સુસંસ્કારો જાગૃત થઈ શકે તેહેતુથી સંસ્થા દ્વારા દર વર્ષે દિવાળી પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવે છે. વિ.સં. ૨૦૭૪ની દિવાળી પુસ્તિકા 'જીવનદીપ' પ્રગટ થશે; જેની તૈયારીઓ ચાલી રહી છે. પુસ્તિકાને સુવિચારો, વિદ્વાનોના મનનીય લેખો, સંતોના બોધવચનો, રત્નકણિકાઓ તથા જીવનોપયોગી વિવિધ માહિતીઓ દ્વારા સજાવવામાં આવી છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **ભોજનાલય :**
  - (૧) શ્રી શાંતાબેન પ્રવીણચંદ્ર સંઘવી (કાયમી તિથિ) સાયન, મુંબઈ — રૂ. ૧,૫૧,૦૦૦/-
- **છાશકેન્દ્ર :**
  - (૧) શ્રી શાંતાબેન પ્રવીણચંદ્ર સંઘવી, સાયન, મુંબઈ — રૂ. ૧,૦૧,૦૦૦/-
  - (૨) શ્રી કેશુભાઈ તથા જયશ્રીબેન શેઠ, યુ.એસ.એ. — રૂ. ૩૨,૦૦૦/-
  - (૩) શ્રી મંજુબેન ધીરુભાઈ ડગલી, યુ.એસ.એ હ. શ્રી ધીરુભાઈ ટી. ડગલી — રૂ. ૩૨,૦૦૦/-
- **શિબિર સહાય (શ્રી મોક્ષમાળા શિબિર) :**
  - (૧) શ્રી દિનેશભાઈ એસ બાવીસી, રાજકોટ — રૂ. ૪૦,૦૦૦/-
- **મેડિકલ :**
  - (૧) શ્રીમતી જયાબેન મોહનલાલ શાહ, લંડન હસ્તે : શ્રી જયંતિભાઈ વી. શાહ (લંડન) સ્વ. શ્રી મોહનલાલ હેમરાજ શાહની ૪૫મી પુણ્યતિથિ નિમિત્તે — રૂ. ૧૩,૬૫૦/-
  - (૨) શ્રી પ્રેમરાજ કાંકરિયા ચેરિટેબલ ટ્રસ્ટ, બોડકદેવ, અમદાવાદ — રૂ. ૧૧,૦૦૦/-
- **ગુરુકુળ :**
  - (૧) શ્રી શાંતાબેન પ્રવીણચંદ્ર સંઘવી, સાયન, મુંબઈ (એક વિદ્યાર્થી દત્તક) — રૂ. ૧,૦૧,૦૦૦/-
  - (૨) ડૉ. રાજેશભાઈ શાહ, ચેમ્બુર, મુંબઈ, C/o. લાઈફ ફોર્સ હોમિયોપેથી (એક વિદ્યાર્થી દત્તક) — રૂ. ૧,૦૦,૦૦૦/-
- **પ્રકીર્ણ :**
  - (૧) શ્રી રંજનબેન ધનસુખલાલ શાહ, ઘાટકોપર, મુંબઈ (જ્ઞાનદાન, મેડિકલ સેન્ટર, ગુરુકુળ, જીવદયા) — રૂ. ૧૨,૦૦૦/-
  - (૨) શ્રી અનસૂયાબેન પ્રતાપભાઈ મહેતા, આંબાવાડી, અમદાવાદ હસ્તે : શ્રી નિકુંજભાઈ મહેતા (જ્ઞાનદાન, મેડિકલ સેન્ટર, ગુરુકુળ) — રૂ. ૧૧,૦૦૦/-

## સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળનું S.S.C.નું 100% પરિણામ

આપણી સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના ધો.૧૦ના વિદ્યાર્થીઓનું બોર્ડનું પરિણામ

દર વર્ષની જેમ ૧૦૦% આવેલ છે. S.S.C.ની પરીક્ષામાં સફળતા મેળવવા બદલ નીચેના વિદ્યાર્થીઓ, ગૃહપતિ આદ. શ્રી નરેશભાઈ તથા ગુરુકુળ કમિટિને સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | પર્સન્ટાઈલ રેન્ક | ક્રમ | વિદ્યાર્થીનું નામ | પર્સન્ટાઈલ રેન્ક |
|---|---|---|---|---|---|
| ૧. | જાદવ કેતન પી. | ૮૯.૪૪ | ૮. | પારગી આર્યન એમ. | ૭૩.૯૩ |
| ૨. | ઝાંપડિયા નવનીત જે. | ૮૮.૫૯ | ૯. | ધોરિયા ઋત્વિક વી. | ૬૭.૭૬ |
| ૩. | પ્રજાપતિ ઋતુલ કે. | ૮૪.૯૨ | ૧૦. | ધોરિયા હસમુખ જે. | ૬૦.૯૨ |
| ૪. | ગોહિલ પ્રકાશ ડી. | ૮૩.૩૭ | ૧૧. | મકવાણા નરેશ જે. | ૫૯.૭૩ |
| ૫. | વઘાશિયા કિશન બી. | ૮૨.૬૮ | ૧૨. | રબારી અંકિત એમ. | ૫૬.૮૮ |
| ૬. | માલકિયા રાહુલ એ. | ૭૯.૬૪ | ૧૩. | માલકિયા મનોજ કે. | ૫૬.૮૨ |
| ૭. | મેણિયા દીપેન ડી. | ૭૭.૮૩ | ૧૪. | માલકિયા વિશાલ એમ. | ૫૫.૭૧ |

## કુડાસણ મુકામે સત્સંગ - ભક્તિનો કાર્યક્રમ સંપન્ન

આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા મુમુક્ષુવિશેષ બા.બ્ર. આદ. શ્રી છાયાબેન શેઠના પિતાશ્રી કાંતિભાઈ શેઠના નિવાસસ્થાને (શુકનસ્કાય, કુડાસણ) પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં તા. ૨૯-૫-૧૭ના રોજ સત્સંગ - ભક્તિનો કાર્યક્રમ સાનંદ સંપન્ન થયો. બા.બ્ર.છાયાબેન તથા તેઓશ્રીના કુટુંબીજનો અને બા.બ્ર. સુરેખાબેને પૂજ્યશ્રી તથા પધારેલા મુમુક્ષુ ભાઈ-બહેનોનું હૃદયના ઉમળકાભેર ભાવભીનું સ્વાગત કર્યું. કોબાના યુવાત્યાગી ગ્રુપે ભાવવાહી ભક્તિપદો પ્રસ્તુત કર્યા.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે પોતાના મૂળ સાચા સ્વરૂપને પામવા માટે અન્ય પદાર્થોને ગૌણ કરી, પરમાત્મા અને સદ્‌ગુરુના માધ્યમથી આત્માની લય લગાડવી પડશે. અઘરો માર્ગ ભલે લાગે, પણ ઉપાય તો એ જ છે. પોતાના પુરુષાર્થ સાથે સદ્‌ગુરુનો આશ્રય અને કૃપા ભળે તો કામ થાય એવું છે. પ્રભુના ચરણ-શરણની પ્રાપ્તિ માટે ભાવપૂર્વક પ્રાર્થના કરવી.

ધર્મવાર્તા બાદ સૌએ ભોજનને ન્યાય આપ્યો હતો. બા.બ્ર. આદ. છાયાબેન શેઠના પરિવારના સભ્યો સુસંસ્કારી, ખાનદાન, ભાવિક તથા આતિથ્યપ્રેમી છે. ભક્તિ-સત્સંગના સુંદર આયોજન બદલ બા.બ્ર. છાયાબેન શેઠ પરિવારને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. પૂજ્યશ્રી સૌને શુભાશીર્વાદ પાઠવે છે.

## સંસ્થામાં 'શ્રી મોક્ષમાળા' શિબિર તથા બાળ ઉત્કર્ષ શિબિર સાનંદ સંપન્ન

પરમકૃપાળુદેવની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે તેઓશ્રી રચિત 'શ્રી મોક્ષમાળા' ગ્રંથનું વાચન, મનન, ચિંતન થાય, તેમાં જણાવેલ તત્ત્વો આત્મસાત્ થાય તે હેતુથી સંસ્થામાં તા. ૧૯-૫-૨૦૧૭ થી તા. ૨૧-૫-૨૦૧૭ દરમિયાન 'શ્રી મોક્ષમાળા' શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે બાળકોમાં સુસંસ્કારોનું સિંચન થાય તે હેતુથી તા. ૧૭-૫-૨૦૧૭ થી તા. ૨૧-૫-૨૦૧૭ દરમિયાન બાળઉત્કર્ષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રી આત્માનંદજી, શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ અને વિહારભવન ટ્રસ્ટ (ઇડર-વડવા-અમદાવાદ)ના ટ્રસ્ટીઓ શ્રી અરવિંદભાઈ શાહ તથા શ્રી મયૂરભાઈ શાહ,

સાધકવિશેષશ્રી પરિમલભાઈ ખંધાર વગેરે મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા શિબિરનો મંગલ પ્રારંભ થયો.

● **પ્રાર્થના તથા યોગ-પ્રાણાયામ :** શિબિર દરમિયાન યોગાચાર્ય શ્રી વસંતભાઈએ સૌને યોગ-પ્રાણાયામ કરાવ્યા તેમજ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જળવાય તે અંગે વાર્તાલાપ કરેલ.

● **જિનાભિષેક-જિનપૂજા :** આ બંને કાર્યક્રમોમાં શિબિરાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આત્મશુદ્ધિનો લાભ લીધો.

● **ભક્તિપદો :** શિબિરાર્થીઓએ ભક્તિપદો દ્વારા સત્‌દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે પોતાના અંતરંગ ભાવો વ્યક્ત કર્યા.

● **સ્વાધ્યાય/ધર્મવાર્તા :** તા. ૧૯-૫-૨૦૧૭ના રોજ પૂજ્ય **ઉપાધ્યાય ૧૦૮શ્રી અનુભવસાગરજી** મહારાજ પધાર્યા હતા. સૌએ તેમના દર્શન-સત્સંગ અને તેઓની આહારચર્યા નિહાળવાનો લાભ લીધો હતો. મહારાજશ્રીએ શ્રીપાલ રાજા અને મયણા (મૈના) સુંદરીના દૃષ્ટાંત દ્વારા સ્વાધ્યાય આપતા જણાવ્યું કે પ્રથમ સ્વોપકાર કરો, પછી પરોપકાર કરો. જે સાધકની દૃષ્ટિ આત્મા પર છે તેને બહારની પરિસ્થિતિ પરેશાન કરી શકતી નથી. પરિસ્થિતિના દાસ ન બનો, તેના નિર્માતા બનો. ભવિતવ્યતાની શક્તિ અલંઘ્ય હોય છે. પ્રકૃતિના સંકેત અનુસાર જીવનને બદલવું જોઈએ. સૌથી મોટો ઘા અહંકાર પર કરવાનો છે. I = હું, Want = ઇચ્છા, Peace = શાંતિ. જ્યાં સુધી હું (અહંકાર) અને ઇચ્છાઓ છે ત્યાં સુધી શાંતિ આવશે નહિ. બીજાના દુઃખ-દર્દ જોઈ કરુણાના આંસુ આવવા જોઈએ. સાચા (રત્નત્રયના) માર્ગે ધીમો પણ સતત ચાલનાર ધ્યેય સુધી પહોંચી શકે છે.

**પૂજ્યશ્રી આત્માનંદજી**એ જણાવ્યું કે શિબિરમાં ભાગ લેનાર સૌને ધન્યવાદ. ભગવાનની કલ્યાણકારી વાતોને સારી રીતે ગ્રહણ કરી મગજમાં ઉતારીએ અને હૃદયસ્થ કરીએ. આપણા જીવનને મહાપુરુષોની આજ્ઞાનુસાર ઢાળીએ. જે કંઈ સારું શીખ્યા તેને જીવનમાં વણી લઈએ અને જીવનપરિવર્તન કરવાનો પ્રયત્ન કરીએ.

**પૂજ્ય બહેનશ્રી**એ 'શ્રી મોક્ષમાળા' શિક્ષાપાઠ ૭૩ 'મોક્ષસુખ'ના આધારે જણાવ્યું કે ઇન્દ્રિયોથી પ્રાપ્ત થતું સુખ પરયુક્ત, બાધાસહિત, ખંડિત, કર્મબંધનું કારણ અને વિષમ હોવાથી દુઃખરૂપ જ છે, જ્યારે મોક્ષનું સુખ (આત્મિક સુખ) અત્યંત, આત્મોત્પન્ન, વિષયાતીત,અનુપમ, અનંત અને વિચ્છેદહીન હોવાથી યથાર્થ સુખ છે.

**આદ.બા.બ્ર. સુરેશજી**એ 'હું કોણ છું ?' વિષય પર પ્રશ્નોત્તરીરૂપ અસરકારક સ્વાધ્યાય આપ્યો હતો. આ ઉપરાંત તેઓશ્રીએ'શ્રી મોક્ષમાળા' શિક્ષાપાઠ ૧થી ૭, ૧૨થી ૧૪ના આધારે અનેક દૃષ્ટાંતો સહ, સરળ છતાં સચોટ શૈલીમાં વિષયની સુંદર છણાવટ કરી હતી.

**આદ.બા.બ્ર. અલકાબેને** 'મોક્ષમાળા' શિક્ષાપાઠ-૮થી ૧૧ના આધારે સત્‌દેવ, સદ્‌ગુરુ અને સત્‌ધર્મની વ્યાખ્યા અને લક્ષણો વિશે અનેક ઉદા. સહ સચોટ અને લાક્ષણિક શૈલીમાં સ્વાધ્યાય આપ્યો હતો.

આ ઉપરાંત ડૉ. **રાગિણીબેને** બાળકોને કથાનુયોગના માધ્યમથી બાળસુલભ શૈલીમાં સમજૂતી આપી હતી. **બા.બ્ર. સંધ્યાબેને** 'સદ્‌ગુરુનું સ્વરૂપ' વિષય પર સરળ ભાષામાં સમજૂતી આપી હતી.

• **'ભાવનાબોધ-મોક્ષમાળા' ગ્રંથનું વિમોચન :** પરમકૃપાળુદેવની ૧૫૦માં જન્મજયંતિ વર્ષ નિમિત્તે શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ અને વિહાર ભવન ટ્રસ્ટ દ્વારા શ્રીમદ્ રાજચંદ્રજી વિરચિત **'મોક્ષમાળા-ભાવનાબોધ'** ગ્રંથને ગુજરાતી તથા હિન્દીમાં મોટા અક્ષરોમાં છપાવીને પ્રકાશિત કરેલ છે.

આ ગ્રંથનું વિમોચન તા. ૧૯-૫-૨૦૧૭ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ અને વિહારભવન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી અરવિંદભાઈ શાહ તથા શ્રી મયૂરભાઈ શાહ, ઉપરાંત સાધકવિશેષ શ્રી પરિમલભાઈ ખંધાર ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી અરવિંદભાઈ શાહે મોટી સંખ્યામાં 'મોક્ષમાળા' પ્રતિયોગિતામાં ભાગ લેવા સૌને અનુરોધ કર્યો હતો. મુમુક્ષુવિશેષ શ્રીપરિમલભાઈ ખંધારે 'મોક્ષમાળા'ની પરીક્ષાનું સ્વરૂપ સમજાવી દરેકને પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે પરમકૃપાળુદેવે 'મોક્ષમાળા'માં મોક્ષમાર્ગનું રોચક શૈલીમાં વર્ણન કર્યું છે. મોક્ષને ઇચ્છતા હોય તેઓએ 'શ્રી મોક્ષમાળા' ગ્રંથ અવશ્ય વાંચવો જોઈએ. આ ગ્રંથ નખશિખ મોક્ષમાર્ગની રજૂઆત કરે છે અને આપણને સૌને મોક્ષમાર્ગ દર્શાવે છે. ભગવાન મહાવીરે કહેલો માર્ગ પ્રકાશિત થાય તે હેતુથી 'મોક્ષમાળા'ની રચના થઈ છે. 'મોક્ષમાળા' હૃદયસ્થ થાય તો થોડા ભવોમાં જીવને મોક્ષ પમાડી દે તેવું તેમાં સામર્થ્ય છે. શ્રી અરવિંદભાઈ અને તેમના સાથીઓને સ્તુત્ય પ્રયાસ કરવા બદલ અભિનંદન

• **ધાર્મિક અંત્યાક્ષરી :** જ્ઞાન સાથે નિર્દોષ મનોરંજન મળે તે હેતુથી ધાર્મિક અંત્યાક્ષરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સુંદર આયોજન અને સંચાલન શ્રી કપિલભાઈએ કર્યું હતું; જેમાં તેઓશ્રીને બા.બ્ર.સુરેશજી, બા.બ્ર. ડૉ. રાગિણીબેન, બા.બ્ર.જનકબેન, બ્ર.સંધ્યાબેન તથા શ્રી મિતેશભાઈનો સહકાર સાંપડ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત ચાર ગ્રુપ પાડવામાં આવ્યા હતા : (૧) સત્સંગ, (૨) સદ્‌વાચન (૩) સદ્‌વિચાર, (૪) સદાચાર; જેમાં સદ્‌વાચન ગ્રુપ વિજેતા બન્યું હતું.

• **અહિંસા પરમો ધર્મ :** શ્રી હિતભાઈ મોદીએ અહિંસા ધર્મ અને શાકાહાર અંગે વિડીયો ક્લિપ દ્વારા સુંદર સમજૂતી આપી હતી. રોજબરોજના જીવનમાં આપણે આહાર, વસ્ત્રપરિધાન, સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ કરીએ છીએ તેમાં કેટલી હિંસા રહેલી છે તેની સમજૂતી આપતા શાકાહારની વ્યાખ્યા આપતા તેઓશ્રીએ જણાવ્યું કે શા = શાંતિ, કા = કારક, હા = હાનિ, ૨ =રહિત.

ચોકલેટ, ઠંડાપીણા, બિસ્કિટ, મેગી, મેંદો, ચીઝ, કોલગેટ તથા સૌંદર્ય પ્રસાધનોની બનાવટમાં કેટલી હિંસા થાય છે તેની તેઓશ્રીએ સુંદર સમજૂતી આપી હતી. તેઓશ્રીએ આપેલ અસરકારક સમજૂતીને કારણે ઘણા શિબિરાર્થીઓએ હિંસક બનાવટોનો ઉપયોગ ન કરવાનો નિર્ણય લીધો હતો. આવા સ્તુત્ય પ્રયાસ બદલ શ્રી હિતભાઈ મોદીને કોબા પરિવાર તરફથી ખૂબ ખૂબ ધન્યવાદ.

• **સાંસ્કૃતિક કાર્યક્રમો :** બાળ શિબિરાર્થીઓએ કુસંગની અસર, પર્યાવરણ સુરક્ષા, સ્વચ્છતાનું મહત્ત્વ, વધુ પડતા મોબાઈલના ઉપયોગથી થતા નુકસાનો વગેરે વિષય પર આધારિત નાટકો, વક્તવ્યો, નૃત્યગીત, અભિનય જેવા કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા.

• **નિયમગ્રહણ :** શિબિરાર્થીઓએ પૂજ્ય સંતશ્રી આત્માનંદજીના સાન્નિધ્યમાં નીચેના નિયમો ગ્રહણ

કર્યા હતા : (૧) દરરોજ ક્ષમાપનાનો પાઠ તથા પ્રણિપાત સ્તુતિ બોલવી, (૨) પ્રાણીસંગ્રહાલયમાં જવું નહિ, (૩) હિંસક પદાર્થોનો ઉપયોગ ન કરવો, (૪) મોબાઈલનો દુરુપયોગ ન કરવો.

● **શિબિરાર્થીઓના પ્રતિભાવો અને ઈનામ વિતરણ :** શિબિરાર્થીઓએ શિબિર અંગેના પોતાના સુંદર પ્રતિભાવો દર્શાવી આનંદ વ્યક્ત કર્યો હતો. શિબિરાર્થીઓને પૂજ્ય બહેનશ્રી તથા આદ. શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસીના વરદ્ હસ્તે ઇનામો આપવામાં આવ્યા હતા.

● **શિબિરનિભાવ સહયોગ :** શિબિર માટે આર્થિક સહયોગ આપનારા નીચેના મહાનુભાવોને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ :

૧. શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી, રાજકોટ
૨. શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણી, કોબા
૩. શ્રીઅજયભાઈ નવીનભાઈ શાહ, મુંબઈ
૪. શ્રી પ્રિયંકાબેન જૈન, રાજસ્થાન
૫. શ્રી ગોપાલભાઈ, કોટડા, રાજસ્થાન
૬. શ્રી જયંતિભાઈ શાહ, હિંમતનગર
૭. શ્રી ભાવિનભાઈ ડેલીવાળા, મુંબઈ

● **પ્રકીર્ણ :** શિબિર દરમિયાન 'એક ચીજ મિલ ગઈ વન્ડરફુલ' ફિલ્મના અંશ બતાવવામાં આવ્યા હતા. કુ. અંજલિ તથા કુ. પ્રજ્ઞાને ધો-૧૨ સાયન્સમાં સારા ટકા લાવવા બદલ સંસ્થા તરફથી તેઓનું અભિવાદન કરવામાં આવ્યું. શિબિરને સફળ બનાવવામાં યોગદાન આપનારા સૌ કોઈને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થામાં વરસીતપના પારણા

આપણી સંસ્થામાં ઘણા વર્ષોથી સેવાઓ આપનાર, સત્સંગનો લાભ લેતાં તથા પૂજ્યશ્રી પ્રત્યે અહોભાવ ધરાવતા મુમુક્ષુ કમિટિના સભ્ય શ્રી બિપીનભાઈ મણિયારના પુત્રવધૂ નિષ્મા કિંતનભાઈ મણિયારના વરસીતપના પારણા તા. ૨૮-૩-૨૦૧૭ અક્ષય તૃતીયાના શુભ દિને પૂજ્યશ્રી આત્માનંદજી તથા પૂજ્ય બહેનશ્રીના વરદ હસ્તે ઈક્ષુરસથી કરવામાં આવ્યા.

આ પ્રસંગે મીનાબેન બિપીનભાઈ મણિયાર પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. સમગ્ર કોબા પરિવાર નિષ્માબેનના વરસીતપની અનુમોદના કરીને તેઓને અનેકશઃ ધન્યવાદ પાઠવે છે.

## સાભાર સ્વીકાર

આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતાં કર્મયોગી તથા જીવદયાપ્રેમી **આદ. શ્રી કરસનકાકા (ધણપવાળા)** તરફથી સંસ્થાને ૨૩૧ કિલો ઘઉં આપવામાં આવ્યા છે; જેનો સંસ્થા સાભાર ધન્યવાદ સહ સ્વીકાર કરે છે.

## સાંબલી મુકામે સત્સંગ સમારોહ સાનંદ સંપન્ન

સાબરકાંઠા જિલ્લામાં સાંબલી (મહાભારત) મુકામે પૂજ્ય લાલજીબાપા મુમુક્ષુ મંડળના શ્રી કાળાભાઈ લેંબાભાઈ પરિવાર દ્વારા આયોજિત સત્સંગ સમારોહ તા. ૨૮-૫-૧૭ના રોજ સાનંદ સંપન્ન થયો.

પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજીએ મોક્ષમાળા પાઠ ૨૪ - સત્સંગના આધારે સત્સંગના અપૂર્વ માહાત્મ્ય વિષે ઉદ્‌બોધન કર્યું હતું. આદ. બા.બ્ર. શ્રી સુરેશભૈયાજીએ 'શ્રી મોક્ષમાળા'ના આધારે ઉત્તમ


ગૃહસ્થના જીવન વિશે સુંદર સમજણ આપી હતી. બહેનશ્રી ગીરાબેન ગઢવી, શ્રી ચંદનભાઈ (બંને નાના બાળકોએ) સુંદર ભક્તિપદો રજૂ કર્યા હતા. સમસ્ત કાર્યક્રમનું સંચાલન શ્રી કિરણભાઈ જાદવે સુપેરે કર્યું હતું. બધા સત્સંગીઓના ભાવ ઉલ્લસિત હતા. તેઓએ સૌએ પૂજ્યશ્રીને ભાવપૂર્વક પ્રણામ પાઠવ્યા હતા. પૂજ્યશ્રી સૌને શુભાશીર્વાદ પાઠવે છે. સંસ્થા શ્રી કાળાભાઈ પરિવાર તથા સૌને ખૂબ ધન્યવાદ પાઠવે છે.

## સમ્યક્ જ્ઞાનપરબ

પોતાના ઘરે વાંચનાલય અથવા જ્ઞાનભંડાર બનાવવા માંગતા હોય તેઓને જીવવિચાર, નવ તત્ત્વ, કર્મગ્રંથ, દંડક, ભાષ્ય, પર્યુષણ આરાધના, પંચસૂત્ર, ભવ આલોચના, નવપદ આરાધના જેવાં અનેક પ્રકારના પુસ્તકો શ્રી નવરંગપુરા જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, નવરંગપુરા, (ફોન નં. ૨૬૫૬૯૧૭૭), અમદાવાદ તરફથી ભેટ સ્વરૂપે પ્રાપ્ત થઈ શકશે.

**સંપર્કસૂત્ર :** ૧. શ્રી દિલીપભાઈ મો. ૯૮૨૫૫૭૫૬૩૧, ૨. શ્રી મૈત્રેયભાઈ ૯૮૨૫૬૯૯૮૩૮

## વૈરાગ્ય સમાચાર



**[૧] અમદાવાદ :** 'દિવ્યધ્વનિ' મુખપત્રના ભૂતપૂર્વ સંપાદન - સહયોગી, જૈન શાસ્ત્રોમાં પારંગત વિદ્વાન **શ્રી બાબુલાલ સિદ્ધસેન જૈન**નું તા. ૬-૫-૨૦૧૭ના રોજ ૮૮ વર્ષની વયે દેહાવસાન થયું છે.

શ્રી બાબુલાલે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસમાં ૧૫ વર્ષ સુધી રહીને શ્રીમદ્જીના પત્રોનું વાંચન કર્યું હતું તથા વચનામૃતજીનો ગહન અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તેઓએ કોબાની સંસ્થામાં રહીને પૂજ્યશ્રી આત્માનંદજીના સાન્નિધ્યમાં 'દિવ્યધ્વનિ'ના સંપાદનકાર્યમાં કેટલાક વર્ષો સુધી સહયોગ આપ્યો હતો. તેઓ સંયમી અને સરળ સ્વભાવના હતા.

યુવાવયમાં તેઓ 'અખિલ વિશ્વજૈન મિશન'ના ગુજરાત પ્રાંતના સંયોજક રહી અહિંસા ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. તેઓ કવિહૃદયી અને સાહિત્યસેવી હતા.

તેઓશ્રીએ કેટલાક અલભ્ય જૈન ગ્રંથોને શોધીને તેમનું પુનઃ પ્રકાશન તેમના અનુજશ્રી નવલકિશોર સિદ્ધસેન જૈનનો સહયોગ લઈને કર્યું હતું. તેઓશ્રીએ અનેક પુસ્તકોનું સંપાદનકાર્ય કર્યું હતું. તેઓશ્રીને ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ઊર્દૂ વગેરે ભાષાઓ પર સારું પ્રભુત્વ હતું.

સ્વર્ગસ્થનો આત્મા આગામી ભવોમાં વિશેષ ધર્મઆરાધના કરીને પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૨] સાણોદા (તા. દહેગામ) :** આપણી સંસ્થામાં અવારનવાર પધારીને પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં સત્સંગ તથા સેવાનો લાભ લેતાં મુમુક્ષુ **શ્રી બકાભાઈ ઈશ્વરભાઈ મિસ્ત્રી**નું તા. ૨૨-૫-૨૦૧૭ના રોજ ૬૬ વર્ષની વયે દેહાવસાન થયું છે.

તેઓ આપણી સંસ્થા સાથે છેલ્લા ૨૫ વર્ષથી સંકળાયેલા હતા. સને ૧૯૯૩-૯૪માં સંસ્થામાં મુમુક્ષુકુટિરના બાંધકામ વખતે સુપરવાઈઝર તરીકે

તેઓએ નિઃસ્વાર્થ ભાવે સેવાઓ આપી હતી. હાલીસા મુકામે સંસ્થા દ્વારા પ્રથમ મેડિકલ કેમ્પ યોજાયો ત્યારે તેઓએ સુંદર સહયોગ આપ્યો હતો. તેઓએ સાણોદા મુકામે પૂજ્યશ્રીના સત્સંગ-સમારોહનું સુંદર આયોજન કર્યું હતું સદ્‌વાચનનો શોખ એ તેઓના વ્યક્તિત્વની ધ્યાનાકર્ષક ખાસિયત હતી. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેઓને અત્યંત અહોભાવ હતો. સંસ્થામાં અવારનવાર પધારીને તેઓ સત્સંગ-ભક્તિનો લાભ લેતા હતા. તેઓ સાચા અર્થમાં સાધક હતા. પોતાના જીવનમાં તેઓએ ઘણા સેવા-પરોપકારના કાર્યો કર્યાં. દુઃખીજનોના આંસુ લૂછ્યાં. દાનધર્મને તેઓએ પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યો હતો. પોતાના કુટુંબીજનોને પણ તેઓ દાન આપવાની તથા પરોપકારના કાર્યો કરવાની સલાહ આપતા. તેઓશ્રીનું સાદું જીવન, શાંત અને મળતાવડો સ્વભાવ, સરળતા વગેરે સદ્‌ગુણો પ્રેરણાદાયક છે.

સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને તેઓની મોક્ષયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## પુસ્તક સમાલોચના

**– મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

[૧] પુસ્તકનું નામ : **મોક્ષમાળા - ભાવનાબોધ (પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી ચરિત)**

**પાના :** ૨૩૬ ● **આવૃત્તિ :** દ્વિતીય, ૨૦૧૭ ● **મૂલ્ય :** રૂા. ૧૦/-

**પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાનો :**

(૧) શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહારભવન ટ્રસ્ટ,
શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, અમદાવાદ. ફોન : (૦૭૯)૨૬૬૩૧૩૯૬

(૨) શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, વડવા. ફોન : (૦૨૬૯૮) ૨૨૦૬૩૧

(૩) શ્રી રાજચંદ્ર આશ્રમ, ઈડર. ફોન : (૦૨૭૭૮)૨૯૧૩૫૭, ૦૯૪૨૭૧૩૩૯૫૧

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦મી જન્મજયંતિ પ્રસંગે ઉપરોક્ત સંસ્થા દ્વારા 'મોક્ષમાળા પ્રતિયોગિતા'નું ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં આયોજન કરેલ છે. મોટી ઉંમરના લોકોને વાંચવામાં મુશ્કેલી ન પડે અને બાળકો તથા અન્ય સહુને પાઠો વાંચવામાં સરળતા રહે તે અર્થે મોટા ટાઈપમાં આ પુસ્તક છાપવામાં આવ્યું છે. ઉપરોક્ત સ્થળેથી 'મોક્ષમાળા' ગ્રંથ તથા પ્રશ્નપત્ર મંગાવી, ઉત્તરવહી ભરીને તા. ૧૫-૮-૨૦૧૭ સુધીમાં મોકલી આપવી. સૌને આ લેખિત પરીક્ષા આપવા અનુરોધ છે.

[૨] પુસ્તકનું નામ : **SELECTED 100 LETTERS**

**લેખક :** પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી

**અંગ્રેજી અનુવાદક :** શ્રી દીનુભાઈ એમ. પટેલ ● **Revised by :** ડૉ. શાંતિભાઈ પટેલ

**આવૃત્તિ :** પ્રથમ ● પડતર કિંમત : રૂા. ૬૦/- ● **પાના :** ૧૨૮

**પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :**

(1) Shrimad Rajchandra Prabhavak Trust : 51, First floor, Akkipet main Road, **Bangalore**-560053 Ph. 080 41518998 E-mail : kocbir@gmail.com

(2) Umagchi Bldy Belgaum Galli, **Hubli**. Ph. 0836 2367521

આ પુસ્તકમાં પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતમાંથી પસંદ કરેલા ૧૦૦ જેટલા પત્રાંકોનો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવ્યો છે.

## સંસ્થામાં યોજાયેલ 'શ્રી મોક્ષમાળા' શિબિર તથા બાળ ઉત્કર્ષ શિબિર વેળાની તસવીરો (તા. ૧૭-૫-૨૦૧૭ થી તા. ૨૧-૫-૨૦૧૭)



પૂજ્યશ્રીની નિશ્રા



પૂજ્ય બહેનશ્રી



બા. બ્ર. શ્રી સુરેશજી



બા. બ્ર. અલકાબેન



શ્રી અનુપમભાઈ શાહ



શ્રી પરિમલભાઈ ખંધાર



શ્રી હિતભાઈ મોદી



દીપ-પ્રાગટ્ય વેળાએ



યોગ-પ્રાણાયામ



શ્રી જિનાભિષેક



ધાર્મિક અંત્યાક્ષરી



ઈનામ વિતરણ


**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal**
**Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017**
**Publication Date 15th of every month**

## પ્રતિભાવ આપતા શિબિરાર્થીઓ











## સાંસ્કૃતિક કાર્યક્રમો

## નિયમગ્રહણ





## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ 'દિવ્યધ્વનિ' જૂન - ૨૦૧૭ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**શ્રી જતિનભાઈ પ્રવીણભાઈ પટેલ પરિવાર** (ટેનાસી, યુ.એસ.એ.)

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' જૂન - ૨૦૧૭ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**સ્વ. નિર્મળાબેન ગોપાલભાઈ પટેલના આત્મશ્રેયાર્થે**

હસ્તે. શ્રી ગોપાલભાઈ બી. પટેલ પરિવાર (નીઝર, તા. બારડોલી, ગુજરાત)

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007.
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah